RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

**Year : 15** **Issue : 182** **Dt. 25-01-2026** **Page : 08** **Price : Rs 3**




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

# એમેઝોનમાં કાપનો બીજો રાઉન્ડ

# ૧૦૦૦ ભારતીયો ગૂમાવશે નોકરી

## કંપનીના રિટેલ, પ્રાઈમ વિડીયો અને માનવ સંસાધનની નોકરીઓ પ્રભાવિત થવાની સંભાવના

નવી દિલ્હી, તા.૨૪

એમેઝોન દ્વારા ૩૦,૦૦૦ નોકરીઓમાં કાપ કાપવાનો બીજો રાઉન્ડ શરૂ થઈ રહ્યો છે, જેમાં મોટાભાગે ટેકનોલોજી, માનવ સંસાધન અને વ્યવસાય સપોર્ટ કાર્યોનો સમાવેશ થાય છે, તે આગામી અઠવાડિયે આ કરવાની યોજના બનાવી રહ્યું છે.

એમેઝોનના લગભગ ૧,૦૦૦ ભારતીય કર્મચારીઓ તેમની નોકરી ગુમાવી શકે છે કારણ કે આ ઈ-કોમર્સ પ્લેટફોર્મ ૩૦,૦૦૦ કોર્પોરેટ કર્મચારીઓને છટણી કરવાની યોજનાના ભાગ રૂપે આવતા અઠવાડિયાની શરૂઆતમાં બીજા રાઉન્ડમાં નોકરીમાં કાપ મૂકવાની યોજના બનાવી રહ્યું છે. છેલ્લે ઓક્ટોબર ૨૦૨૫ માં, ૧૪,૦૦૦ વ્હાઈટ-કોલર કર્મચારીઓની નોકરીમાં કાપ મૂકવાની જાહેરાત કરવામાં આવતા ભારતીય કર્મચારીઓએ સમાન સંખ્યામાં નોકરીઓ ગુમાવી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મહિનાની ૨૭-૨૮ તારીખ સુધીમાં આ જાહેરાત થવાની સંભાવના છે. કંપનીના એમેઝોન વેબ સર્વિસીસ, રિટેલ, પ્રાઈમ વિડીયો અને માનવ સંસાધન, જેને પીપલ એક્સપિરિયન્સ એન્ડ ટેકનોલોજી તરીકે ઓળખવામાં આવે છે, તેમાં નોકરીઓ પ્રભાવિત થવાની સંભાવના




છે, તેમ લોકોએ જણાવ્યું હતું, જોકે સંપૂર્ણ અવકાશ અસ્પષ્ટ છે અને લોકોએ ચેતવણી આપી હતી કે એમેઝોનની યોજનાઓની વિગતો બદલાઈ શકે છે.

યુએસ સ્થિત ઈ-કોમર્સ જાયન્ટે ઓક્ટોબર ૨૦૨૫ માં જાહેરાત કરી હતી કે તે લગભગ ૫-૬ લાખ નોકરીઓને રોબોટ્સથી બદલશે. સિએટલ ઓનલાઈન રિટેલરે ઓક્ટોબર રાઉન્ડની નોકરીમાં કાપ મૂકવાને કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) સોફ્ટવેરના ઉદયને લીધે કહ્યું હતું અને એક આંતરિક પત્રમાં કહ્યું હતું કે આ પેઢીની અઈ એ ઇન્ટરનેટ પછી આપણે જોયેલી સૌથી પરિવર્તનશીલ ટેકનોલોજી છે, અને તે કંપનીઓને પહેલા કરતાં વધુ ઝડપથી નવીનતા લાવવા સક્ષમ બનાવી રહી છે.

જોકે, કંપનીના ત્રીજા ક્વાર્ટરના કમાણી કોલ દરમિયાન સીઈઓ એન્ડી જેસીએ પાછળથી વિશ્લેષકોને જણાવ્યું હતું કે આ ઘટાડો ખરેખર નાણાકીય રીતે પ્રેરિત નથી અને તે ખરેખર અઈ-સંચાલિત પણ નથી. તેના બદલે, તે એક સંસ્કૃતિ છે, એટલે કે કંપનીમાં ખૂબ જ નોકરશાહી છે. હવે અમારી પાસે પહેલા કરતા ઘણા વધુ લોકો છે, અને ઘણા વધુ સ્તરો છે.

જેસીએ ૨૦૨૫ ની શરૂઆતમાં કહ્યું હતું કે તેમને અપેક્ષા હતી કે AI ના ઉપયોગથી મેળવેલી કાર્યક્ષમતાના પરિણામે સમય જતાં એમેઝોનના કોર્પોરેટ કાર્યબળમાં ઘટાડો થશે. કોર્પોરેશનો તેમના સોફ્ટવેર માટે કોડ માટે AI નો વધુને વધુ ઉપયોગ કરી રહ્યા છે અને AI એજન્ટો અપનાવી રહ્યા છે જે નિયમિત કાર્યોને સ્વચાલિત કરે છે, અને તેઓ ખર્ચ બચાવવા અને લોકો પર નિર્ભરતા ઘટાડવાનો પ્રયાસ કરે છે. એમેઝોને ડિસેમ્બરમાં તેની વાર્ષિક અઠજ ક્લાઉડ કમ્પ્યુટિંગ કોન્ફરન્સ દરમિયાન તેના નવીનતમ અઈ મોડેલોનો ઉલ્લેખ કર્યો હતો.

સંપૂર્ણ ૩૦,૦૦૦ નોકરીઓ એમેઝોનના ૧.૫૮ મિલિયન કર્મચારીઓનો એક નાનો ભાગ છે, પરંતુ તે પેઢીના કોર્પોરેટ કાર્યબળના લગભગ ૧૦% હશે. એમેઝોનના મોટાભાગના કર્મચારીઓ પરિપૂર્ણતા કેન્દ્રો અને વેરહાઉસમાં છે. એમેઝોનના ત્રણ દાયકાના ઈતિહાસમાં આ સૌથી મોટી છટણી હશે. કંપનીએ ૨૦૨૨ માં લગભગ ૨૭,૦૦૦ નોકરીઓની છટણી કરી હતી.

### ભાજપ પર રાહુલ ગાંધીના ચાબખાં : 'મત ચોરી'ના કાવતરામાં ચૂંટણી પંચ નિર્ણાયક અને ચાવીરૂપ સાગ્રિત છે

# SIRની કવાયતને હથિયાર બનાવી દેવાઈ : રાહુલ

નવીદિલ્હી, તા. ૨૪

લોકસભા વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના આગ્રણી રાહુલ ગાંધીએ ભાજપ અને ચૂંટણી પંચ ઉપર જોરદાર પ્રહારો કર્યા હતા અને એવો આક્ષેપ કર્યો હતો કે એસઆઈઆરની સમગ્ર કવાયતને મત આપવાના બંધારણીય અધિકારને ખતમ કરવાના હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે અને આ પ્રક્રિયાને મતદાનનો અધિકાર નષ્ટ કરવાના હથિયાર તરીકે પરિવર્તિત કરી દેવામાં આવી છે.

તેમણે એવો આક્ષેપ પણ કર્યો હતો કે ચૂંટણી પંચ હવે લોકશાહીનું રક્ષક કે પ્રહરી રહ્યું નથી પરંતુ મત ચોરીના કાવતરામાં ચાવીરૂપ મુખ્ય સાગરીત બનીને રહી ગયું છે. એટલું જ નહીં એસ.આઇ.આર ની આખી પ્રક્રિયા જ મત ચોરીની પ્રક્રિયા બની છે. ગુજરાતમાં એસઆઈઆર ના નામે જે કામ કરવામાં આવી રહ્યું છે એ કોઈપણ પ્રકારે વહીવટી પ્રક્રિયા નથી પરંતુ ખૂબ જ પદ્ધતિસરની અને આયોજનબદ્ધ રીતે થઈ રહેલી વ્યુહાત્મક મત ચોરી છે.

સોશિયલ મીડિયા હેન્ડલ પર હિન્દીમાં પોસ્ટ મુકતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે મતદાર યાદી સઘન રિવિઝન પ્રક્રિયા એક વ્યક્તિ, એક મત ના સિદ્ધાંતનો કચ્ચરઘાણ કરી નાખે છે અને સત્તા ઉપર કોણ રહે એ નક્કી કરવાનું અધિકાર મતદારોને નહીં પરંતુ ભાજપને મળી જાય છે. આ રીતે એક વ્યક્તિ, એક મતના બંધારણીય અધિકારને ખતમ કરવાના હથિયાર તરીકે એસઆઈઆર નો ઉપયોગ કરવામાં આવી રહ્યો



છે એટલે હવે સત્તા ઉપર કોણ આવે કરે એ લોકો નક્કી નહીં કરે પણ ભાજપ નક્કી કરશે.

તેમણે કહ્યું હતું કે અતિશય ગંભીર સત્ય તો એ છે કે ચૂંટણી પંચ હવે લોકશાહીનું પ્રહરી રહ્યું નથી બલ્કે મત જોડીના કાવતરાના મુખ્ય સાથીદાર તરીકે ચૂંટણી પંચ ની ભૂમિકા બની ગઈ છે. કોંગ્રેસ નેતાએ દાવો કર્યો હતો કે ચોક્કસ સમુદાય અને ચોક્કસ બુથ ના નોંધાયેલા મતદારોના નામ કમી કરવા માટે જાણીજોઈને પ્રયાસો થતા હોવાનું કહેવું ઉચિત લાગે છે.

### રાયપુરની એક ખાસ સીબીઆઇ કોર્ટે ૨૦૧૭ના અશ્લીલ વીડિયો કેસ ખોલ્યો

# છત્તીસગઢ સેક્સ સીડી કાંડમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રીને દોષમુક્ત કરવાનો આદેશ રદ

## છત્તીસગઢના પૂર્વ સીએમ ભૂપેશ બઘેલને ડિસ્ચાર્જ કરવાના ૨૦૨૪ના આદેશને રદ કરવામાં આવ્યો છે



રાયપુર તા.૨૪

રાયપુરની એક ખાસ સીબીઆઈ કોર્ટે ૨૪ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ મેજિસ્ટ્રેટ કોર્ટના ૨૦૨૪ ના આદેશને રદ કર્યો છે, જેમાં છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને ૨૦૧૭ ના અશ્લીલ વિડિઓ કેસમાં દોષમુક્ત કરવામાં આવ્યા હતા.

આ કેસ ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી રાજેશ મુન્નતના કથિત માનહાનિ સાથે જોડાયેલ છે. રાયપુરની ખાસ સીબીઆઈ કોર્ટે મેજિસ્ટ્રેટ કોર્ટના આદેશને રદ કરી દીધો છે, જેમાં છત્તીસગઢ સરકારમાં તે સમયે જાહેર બાંધકામ વિભાગ (PWD) મંત્રી તરીકે સેવા આપી રહેલા રાજેશ મુન્નતને દર્શાવતા અશ્લીલ વિડિઓ સંબંધિત કેસમાં બઘેલને દોષમુક્ત કરવામાં આવ્યા હતા.

# બજેટ સત્ર પહેલા ૨૭મીએ સર્વદલીય બેઠક

## એજન્ડા અને રણનીતિ પર ચર્ચા કરવા સંસદ ભવનના મુખ્ય સમિતિ કક્ષમાં સર્વપક્ષીય બેઠક

નવી દિલ્હી, તા.૨૪

દેશના અર્થતંત્ર માટે સૌથી મહત્વના ગણાતા બજેટ સત્રની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. સંસદનું બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીથી શરૂ થવા જઈ રહ્યું છે. આ સત્રના એજન્ડા અને રણનીતિ પર ચર્ચા કરવા માટે કેન્દ્ર સરકારે ૨૭ જાન્યુઆરીએ સવારે ૧૧ વાગ્યે સંસદ ભવનના મુખ્ય સમિતિ કક્ષમાં સર્વપક્ષીય બેઠક બોલાવી છે. આ બેઠકની અધ્યક્ષતા સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુ કરશે.આ વર્ષનું કેન્દ્રીય બજેટ અનેક રીતે ઐતિહાસિક રહેવાનું છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ પહેલી ફેબ્રુઆરીએ સતત ૯મી વખત દેશનું બજેટ રજૂ કરશે. આ સાથે જ તેઓ પૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમના રેકોર્ડની બરાબરી કરશે. સૌથી વધુ વખત બજેટ રજૂ કરવાનો રેકોર્ડ મોરારજી દેસાઈના નામે છે,



જેમણે ૧૦ વખત બજેટ રજૂ કર્યું છે.

આ વખતે પહેલી ફેબ્રુઆરીએ રવિવાર હોવા છતાં સરકાર પરંપરા મુજબ તે જ દિવસે બજેટ રજૂ કરશે. ભારતીય સંસદીય ઈતિહાસમાં ૨૬ વર્ષ બાદ આવું બની રહ્યું છે જ્યારે રજાના દિવસે બજેટ રજૂ કરવામાં આવશે. અગાઉ ૧૯૯૯માં તત્કાલીન નાણામંત્રી યશવંત સિંહાએ રવિવારે બજેટ રજૂ કર્યું હતું. રવિવાર હોવા છતાં શેરબજાર (BSE અને NSE) પણ આ દિવસે ચાલુ રહેવાની શક્યતા છે.

અત્રે એ નોંધનીય છે કે જાહેર થયેલા બજેટના શેડ્યુલમાં ૨૭ જાન્યુઆરીઃ સરકાર દ્વારા સર્વપક્ષીય બેઠક. ૨૮ જાન્યુઆરીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધન સાથે સત્રનો પ્રારંભ, ૨૯ જાન્યુઆરીઃ આર્થિક સર્વેક્ષણ રજૂ કરવામાં આવશે, ૦૧ ફેબ્રુઆરીઃ નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા કેન્દ્રીય બજેટની રજૂઆત, ૧૩ ફેબ્રુઆરીઃ સત્રના પ્રથમ તબક્કાની પૂર્ણાહુતિ, ૦૯ માર્ચઃ બીજા તબક્કાનો પ્રારંભ તેમજ ૦૨ એપ્રિલઃ બજેટ સત્રનું સમાપનનું બજેટ સત્રનું શેડ્યુઅલ જાહેર કરાયું છે.

### ૨૮મીએ સંસદમાં શૂન્યકાળ

૨૮ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરીના રોજ સંસદમાં શૂન્યકાળ રહેશે નહીં. લોકસભામાં હાલમાં ૯ મહત્વના વિધેયકો પેન્ડિંગ છે, જેમાં 'વિકસિત ભારત શિક્ષણ અધિષ્ઠાન બિલ ૨૦૨૫' અને 'સિક્યોરિટીઝ માર્કેટ કોડ ૨૦૨૫' જેવા મહત્વના બિલનો સમાવેશ થાય છે. આ બિલ હાલમાં સંસદીય સમિતિઓની તપાસ હેઠળ છે. આ બજેટમાં મધ્યમ વર્ગને ટેક્સ સ્લેબમાં રાહત અને મોંઘવારીમાંથી મુક્તિ મળે તેવી મોટી આશા સેવાઈ રહી છે.

### હદ કર દી : SIRની કામગીરી સામે વધુ એક સણસણતો વિવાદ

# પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડનું નામ મતદાર યાદીમાંથી રદ

અમદાવાદ, તા.૨૪

પદ્મશ્રી પુરસ્કાર વિજેતા અને જાણીતા ગુજરાતી હાસ્ય કલાકાર શહાબુદ્દીન રાઠોડનું નામ અને મતદાર ID ને કાઢી નાખવા માટે ફોર્મ નંબર ૭ નો દુરુપયોગ કરવામાં આવ્યા બાદ મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) પર ગુજરાતમાં રાજકીય વિવાદ ફાટી નીકળ્યો છે. આ ઘટનાની કોંગ્રેસ તરફથી તીવ્ર ટીકા થઈ છે, જેણે સત્તાવાળાઓ પર મતદારોના નામ પસંદગીયુક્ત રીતે દૂર કરવા માટે SIR પ્રક્રિયામાં છેડછાડ કરવાનો આરોપ લગાવ્યો છે.

શહાબુદ્દીન રાઠોડે કહ્યું કે, કોઈએ મતદાર યાદીમાંથી મારું નામ દૂર કરવા માટે ફોર્મ નં. ૭ ભર્યું છે, મે તાત્કાલિક વહીવટીતંત્ર સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને મેં આ અંગે મામલતદાર સાથે વાત કરી છે. રાઠોડના જણાવ્યા મુજબ, મામલતદારે તેમને ખાતરી આપી હતી કે તેમનું નામ ફક્ત એટલા માટે કાઢી નાખવામાં આવશે નહીં કારણ કે કોઈએ ફોર્મ નં. ૭ સબમિટ કર્યું છે. તેઓને કહેવામા આવ્યું કે, જો કોઈ તમારા નામે ફોર્મ ભરે તો પણ, યોગ્ય ચકાસણી વિના મારી મતદાર નોંધણી રદ કરી શકાતી નથી.

પરંતુ કોંગ્રેસનો દાવો છે કે આ સમસ્યા એક હાઈ-પ્રોફાઈલ નામથી ઘણી વધુ છે. રાજ્યભરમાં, રહેવાસીઓએ દાવો કર્યો હતો કે ૬૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધ નાગરિકો પાસે દસ્તાવેજો છે જે સૂચવે છે કે તેમણે પોતાના મતદાર નામ રદ કરવા માટે અરજી કરી છે. કોંગ્રેસનો આરોપ છે કે સામાન્ય થ્રેડ ફોર્મ નં. ૭ અને સંમતિનો અભાવ છે. સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) ને લોકશાહી પર સીધો હુમલો ગણાવતા, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી કે મોટા પાયે ચૂંટણીમાં ચાલાકી માટે પ્રક્રિયાનો દુરુપયોગ થઈ રહ્યો છે. જ્યાં પણ SIR છે, ત્યાં મત ચોરી થાય છે. ગાંધીએ દાવો કર્યો કે SIR ના નામે

### ફોર્મ-૭ પોતે ન ભર્યું હોવાનું શાહબુદ્દીનું બયાન




ગુજરાતમાં જે કંઈ થઈ રહ્યું છે તે વહીવટી કવાયત નથી, પરંતુ મત ચોરી કરવા માટે એક સુઆયોજિત, સંગઠિત અને વ્યૂહાત્મક કામગીરી છે. આ પ્રક્રિયાને ''આઘાતજનક અને ખતરનાક'' ગણાવતા, ગાંધીએ નિર્દેશ કર્યો કે આ જ નામ હેઠળ હજારો વાંધા દાખલ કરવામાં આવ્યા છે. પરંપરાગત રીતે કોંગ્રેસને ટેકો આપતા ચોક્કસ સમુદાયો અને બૂથના મતદારોને પસંદગીયુક્ત રીતે નિશાન બનાવવામાં આવ્યા છે. જ્યાં પણ ભાજપને હારનો ડર હોય છે, ત્યાં મતદારોને સિસ્ટમમાંથી નામ કાઢી નાખવા માટે પ્રયાસ કરે છે.

ચોટીલાના ભૂતપૂર્વ કોંગ્રેસ ધારાસભ્ય, ઋત્વિક મકવાણાએ આ ઘટનાને ચૂંટણી પ્રક્રિયાની ઇરાદાપૂર્વકની અને ખતરનાક ચાલાકી ગણાવી છે. મતદાર યાદી સુધારણાના નામે, વિપક્ષી સમર્થકો અને અગ્રણી વ્યક્તિઓના નામ રદ કરવાનું કાવતરું ઘડવામાં આવી રહ્યું છે. મકવાણાએ ચેતવણી આપી કે રાઠોડની આ ઘટના જાગૃતિનો સંકેત આપનારી હોવી જોઈએ. જો પદ્મશ્રી પુરસ્કાર વિજેતાના મતદાન અધિકારો જોખમમાં મુકાય છે, તો એક સામાન્ય નાગરિકની સ્થિતિની કલ્પના કરી શકાય છે. મકવાણાએ દરેક મતદાતાને મતદાર યાદીમાં તેમનું નામ તાત્કાલિક ચકાસવા વિનંતી કરી અને કહ્યું કે, આ હવે રાજકીય મુદ્દો નથી રહ્યો, પરંતુ બંધારણીય મુદ્દો છે.

કોંગ્રેસ નેતૃત્વએ આ ઘટનાને પાર્ટી દ્વારા આપવામાં આવેલી અગાઉની ચેતવણીઓ સાથે સરખાવી છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ તાજેતરમાં ભાજપ પર ફોર્મ નંબર ૭ નો દુરુપયોગ કરીને લાખો નાગરિકોના મતદાન અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, ''ભાજપ લગભગ ૧૦ લાખ મતદારોના નામ રદ કરવાની તૈયારી કરી રહ્યું છે,અને તેને મતદાર આધાર બદલીને ચૂંટણીઓને પ્રભાવિત કરવાનો પ્રયાસ ગણાવ્યો હતો.

# લોકોના પ્રશ્નનો તાત્કાલિક નિવેડો લાવો: મુખ્યમંત્રી

## જિલ્લાઓના વહિવટી તંત્રને સ્પષ્ટ સુચના : જાન્યુઆરીના રાજ્યસ્વાગત ઓનલાઈનમાં ૧૧૦ રજૂઆતો, જિલ્લા સ્વાગતમાં ૧૪૯૨ અને તાલુકા સ્વાગતમાં ૨૫૬૫ સહિત ૪૦૫૭ રજૂઆતો અંગે શરુ કરાઈ કાર્યવાહી

ગાંધીનગર, તા.૨૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાન્યુઆરી-૨૦૨૬ના રાજ્ય સ્વાગતમાં આવેલી રજૂઆતો રૂબરૂ સાંભળીને જાહેર રસ્તા પરના ગેર કાયદેસર બાંધકામ અને દબાણ, ડ્રેનેજ અને કાંસમાં થયેલ ગેર કાયદેસર દબાણ તેમજ એક ગામથી બીજા ગામને જોડતા રસ્તા પર કરવામાં આવેલા દબાણ જેવી રાજ્ય સ્વાગતમાં આવેલી રજૂઆતો અંગે નાગરિકલક્ષી નિર્ણય લઈને સમસ્યાના ત્વરિત ઉકેલ માટે જિલ્લા તંત્ર વાહકોને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાં આવતા સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણના ઉપક્રમમાં જાન્યુઆરી-૨૦૨૬ના રાજ્ય સ્વાગતમાં રાજ્યભરમાંથી ૧૧૦થી વધુ રજૂઆતકર્તાઓ પોતાની રજૂઆતો સાથે ઉપસ્થિત રહ્યા હતા. એટલું જ નહીં, જિલ્લા સ્વાગતની ૧૪૯૨ અને તાલુકા સ્વાગતની ૨૫૬૫ રજૂઆતો-પ્રશ્નો સંદર્ભમાં પણ જિલ્લા તાલુકા કક્ષાએ ઉકેલની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી






મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ રાજ્ય સ્વાગતમાં ડભોઇ અને બોટાદ જિલ્લાના ધરતી પુત્રોએ કરેલી રજૂઆતનો તેમજ સુરત જિલ્લામાં ગુજરાત હાઉસીંગ બોર્ડના જર્જરિત મકાનોના સ્થાને નવા મકાનોના બાંધકામ અંગેના લાંબાગાળાથી પડતર પ્રશ્નની રજૂઆતનો તેમણે ત્વરિત અને સંવેદના સ્પર્શી પ્રતિસાદ આપ્યો હતો. ડભોઇ નગરપાલિકાના ગટરના પાણીને કારણે ૩૩ ખેડૂતોની ૧૫૦ વીઘા જેટલી ખેતીલાયક જમીનના ખેતી પાકોને નુકસાન ન થાય તેમજ જમીન બગડે નહીં તે માટે તાત્કાલિક ધોરણે સાઇફન બનાવવા અને નગરપાલિકાનો એસ.ટી.પી. વ્યવસ્થિત કામ કરે તથા ખેડૂતોના લાંબાગાળાની આ સમસ્યાનો ઉકેલ આવે તે માટે મુખ્યમંત્રીએ સ્થાનિક વહીવટી તંત્રને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

મુખ્યમંત્રી સમક્ષ બોટાદ જિલ્લાના ખેડૂતોએ ગામના તળાવના પાળાની ઊંચાઈ વધારવાના પરિણામે ૪૨ ખેડૂતોની આશરે ૫૦૦ વીઘા જેટલી જમીન ડુબમાં જાય છે અને ખેતરમાં અવર-જવર માટેનો રસ્તો બંધ છે તેવી રજૂઆતો કરી હતી. ભૂપેન્દ્ર પટેલે તત્કાલ ખેડૂત હિતલક્ષી નિર્ણય લઈને બોટાદ જિલ્લાના ધરતીપુત્રોના આ પ્રશ્નનું તાકીદે નિવારણ લાવવા માટે સંબંધિત વિભાગ અને સ્થાનિક વહિવટી તંત્રને સુચના કરી હતી. રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રી સમક્ષ ખેડૂતોના આ પ્રશ્નો ઉપરાંત સુરત જિલ્લામાં ગુજરાત હાઉસીંગ બોર્ડના જે જર્જરિત મકાનો ઉતારી લેવાયા છે તેના સ્થાને નવા મકાનોના બાંધકામની લાંબાગાળાની પડતર રજુઆત લાભાર્થીઓએ કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ રજૂઆતોના સંદર્ભમાં ગુજરાત હાઉસીંગ બોર્ડના અધિકારીઓને ઝડપથી નવા આવાસોના બાંધકામની કાર્યવાહી કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા હતા. જાન્યુઆરી-૨૦૨૬ના આ રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે અને સચિવ અજય કુમાર તથા ખાસ ફરજ પરના અધિકારી ડી. કે. પારેખ, રાકેશ વ્યાસ અને સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા.

# આજે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી

## સ્પીપા, ગાંધીનગર ખાતે My india, My vote થીમ સાથે રાજ્યપાલની ઉપસ્થિતિમાં આયોજન યોજાશે કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૪

તા.૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ગાંધીનગર સેક્ટર ૨૬ સ્થિત સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA) ખાતે ૧૬મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં આયોજીત આ ઉજવણીમાં ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનો સંદેશ પણ પ્રસારિત કરવામાં આવશે.




આ પ્રસંગે મહાનુભાવો દ્વારા ઉત્તમ કામગીરી કરનાર જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીઓને પુરસ્કાર આપવામાં આવશે. રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીના ભાગરૂપે શાંતિપૂર્ણ અને નૈતિક મતદાનના માધ્યમથી લોકતાંત્રિક મૂલ્યોને જાળવી રાખવા રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા મતદાર શપથ ગ્રહણ કરાવવામાં આવશે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા સતત ૧૬મા વર્ષે થનાર રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી My india, My vote ની થીમ અને Citizen at the heart of democracy ટેગલાઈન પર કરવામાં આવશે. વિશ્વની સૌથી મોટી લોકશાહીના અમૂલ્યાધિકાર તરીકે પ્રાપ્ત થતા મતાધિકાર અંગે જાગૃતિ કેળવાય અને દેશના તમામ પાત્ર નાગરિકો ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી થાય તેવા ઉદ્દેશ સાથે રાજ્યકક્ષાએ અને જિલ્લા કક્ષાએ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવશે.

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીના અધિક કલેકટર રીંકેશ પટેલના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં ભારતના ચૂંટણી પંચના પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એ.કે. જોતિ, રાજ્ય ચૂંટણી પંચના પૂર્વ ચૂંટણી કમિશનર સંજય પ્રસાદ, રાજ્ય ચૂંટણી પંચના કમિશનર એસ. મુરલીક્રિશ્ન તથા રાજ્યના ચૂંટણી તંત્ર સાથે જોડાયેલા અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહેશે. મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લા પ્રારંભિક સ્વાગત સંબોધન કરશે. આ અવસરે રાજ્યપાલ ઉપસ્થિત તમામ લોકોને શપથગ્રહણ પણ કરાવશે.

રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં દરેક જિલ્લા અને તાલુકા મથકોએથી જિલ્લા ચૂંટણી અધિકારીઓ તથા ચૂંટણી તંત્ર સાથે સંકળાયેલા અધિકારી-કર્મચારીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓ અને સામાજીક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. રાજ્યના તમામ નાગરિકો રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજ્યકક્ષાની ઉજવણી સવારે ૧૧.૦૦ કલાકથી મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાતની વેબસાઈટ https://ceo.gujarat.gov.in, ફેસબુક પેજ CEO Gujarat તથા યુટચુબ ચેનલ https://www.youtube.com/CEOGujaratState પર નિહાળશે.

### એર ઈન્ડિયાને ૧૧૨૫ કરોડ મળ્યાનો રિપોર્ટ : વળતર ચૂકવવાનું ચાલુ થતા પીડિતોના પરિવારમાં રાહત

# અમદાવાદ પ્લેન ક્રેશના મૃતકોના પરિવારને ૧-૧ કરોડનું ચુકવણું

અમદાવાદ, તા.૨૪

પ્લેન ક્રેશના પીડિતોને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. આ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના પરિજનોના ખાતામાં ૧-૧ કરોડ રૂપિયા જેટલી રકમ આવ્યાની માહિતી સામે આવી છે. જેના પરથી એવો દાવો કરવામાં આવ્યો છે કે અમદાવાદ પ્લેન ક્રેશ પીડિતોને વળતર મળવાનું શરુ થઈ ગયું છે.. જ્યારે રિપોર્ટમાં એવો પણ દાવો કરાયો છે કે એર ઈન્ડિયાને પણ ૧૧૨૫ કરોડ રૂપિયા જેટલી રકમ મળી હોવાની ચર્ચા છે.









સૂત્રોના રિપોર્ટના આધારે ગ્લોબલ રિઈન્શ્યોરર્સ અને ભારતીય જનરલ ઈન્શ્યોરન્સ કંપની દ્વારા અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં એર ઈન્ડિયાને થયેલા નુકસાનમાં અત્યાર સુધી ૧૨૫ મિલિયન ડોલર એટલે કે લભગલ ૧૧૨૫ કરોડ રૂપિયાની ચૂકવણી કરાઈ છે. આ રકમમાં વિમાનના માળખા અને એન્જિનમાં ક્ષતિથી થયેલા નુકસાન સામે વીમાના દાવા મુજબનું વળતર આપવામાં આવ્યું છે. આ સાથે જ દુર્ઘટનામાં મોતને ભેટેલા લોકોના પરિવારજનોને પણ ૨૫ મિલિયન ડોલર (૨૨૫ કરોડ) રૂપિયાની ચૂકવણી કરવામાં આવી છે. જો કે, મુસાફરો સાથે જોડાયેલા દાવાઓની પ્રક્રિયા હજુ સુધી પૂર્ણ કરવામાં આવી નથી જેથી વળતરનો આંકડો હજુ વધુ હોઈ શકે છે.

અમદાવાદમાં ૧૨ જૂન ૨૦૨૫ના રોજ થયેલી ભયાનક એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનામાં કુલ ૨૬૦ લોકોના મોત થયા હતા જેમાં ૨૪૧ મુસાફરો તેમજ અન્ય ક્રૂ સભ્યો સામેલ હતા. રિપોર્ટના દાવા મુજબ ભારતીય રિઈન્શ્યોરર્સ (GIC Re) પહેલા જ દાવો કરી ચૂક્યું છે કે દુર્ઘટનામાં વીમાના દાવાનું કુલ રકમ ૪૭૫ મિલિયન ડોલર એટલે કે અંદાજિત ૪,૨૭૫ કરોડ રૂપિયા છે, જેમાંથી ૩૫૦ મિલિયન ડોલર મુસાફરો અને તૃતીય પક્ષના દાવાઓ સંબંધિત જવાબદારીઓ માટે હશે. નિષ્ણાતોના મતે, વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકો અને તેમના પરિવારો બંને સામાન્ય રીતે વળતર મેળવવાના હકદાર હોય છે, ભલે પાઈલટની ભૂલ હોય. હકીકતમાં, જો જાળવણી સ્ટાફ અથવા ટેકનિશિયનની બેદરકારી સ્થાપિત થાય તો વળતરની રકમ સંભવિત રીતે વધી શકે છે.

બીજી તરફ ફાઉન્ડેશન ફોર એવિએશન સેફટી (FAS) એ ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ અમેરિકન સંસદમાં એક રિપોર્ટ જમા કરાવ્યો છે. અહેવાલ મુજબ, FASએ પોતાની તપાસમાં શોધી કાઢ્યું કે એર ઈન્ડિયાનો હિસ્સો બન્યા બાદથી જ આ વિમાનમાં સતત ટેકનિકલ ખામીઓ આવી રહી હતી. FASનો દાવો છે કે વિમાનમાં એન્જિનિયરિંગ, ગુણવત્તા અને જાળવણીમાં નોંધપાત્ર ખામીઓ હતી. રિપોર્ટમાં ઈલેક્ટ્રોનિક, સોફ્ટવેર, વારંવાર સર્કિટ બ્રેકર્સનું ટ્રીપ થવું, ખરાબ વાયરિંગ, શોર્ટ સર્કિટ, વીજળી પુરવઠામાં ઘટાડો અને પાવર સિસ્ટમ ગરમ થવા જેવી અનેક સમસ્યાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

FASએ પોતાના રિપોર્ટમાં એવો પણ દાવો કર્યો છે કે બોઈંગ ૭૮૭ પ્રોગ્રામ તેના નિર્ધારિત સમય કરતાં ૩ વર્ષ પાછળ ચાલી રહ્યો છે અને તેનું બજેટ અબજો ડોલર વધી ગયું છે. રિપોર્ટ મુજબ, ૨૦૦૦થી વધુ બોઈંગ ૭૮૭ વિમાનોમાં સિસ્ટમ ફેલિયરની ઘટનાઓ બની ચૂકી છે. દુર્ઘટનાગ્રસ્ત વિમાન વિશે માહિતી આપતાં રિપોર્ટમાં કહેવાયું છે કે આ વિમાન ૨૦૧૧માં બનીને તૈયાર થયું હતું અને ૨૮ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ તેને એર ઈન્ડિયાને સોંપવામાં આવ્યું હતું.

FASના આ ગંભીર દાવાઓ પર બોઈંગે પ્રતિક્રિયા આપી છે. બોઈંગના પ્રવક્તાએ જણાવ્યું કે, ''અમે સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનના પ્રોટોકોલનું પાલન કરીએ છીએ. ભારતમાં થયેલી વિમાન દુર્ઘટનામાં અઅઈઇ (વિમાન દુર્ઘટના તપાસ બ્યુરો)નો જે પણ નિર્ણય હશે, અમે તેનું પાલન કરીશું.'' જોકે, એર ઈન્ડિયાએ આ સમગ્ર મામલે મૌન સેવ્યું છે. ઉલ્લેખનીય છે કે, AAIBએ પોતાના પ્રારંભિક રિપોર્ટમાં ફ્યુઅલ સ્વિચ બંધ થવાને કારણે પ્લેન ક્રેશ થયું હોવાના સંકેત આપ્યા હતા.

# કાલે દેશભકત નટવરસિંહજી વાઘેલા(બાપુ)ની પુણ્યતિથી

## દેશભક્તો દ્વારા વાઘેલાબાપુની યાદગીરીને વાગોળીને અપાશે શ્રદ્ધાંજલિ

રાજકોટ, તા.૨૪

ક્રાંતિકારી ચળવળના અગ્રણી અને અનન્ય દેશભક્ત તરીકે ઓળખાતા લીમડીના નટવરસિંહજી વાઘેલા બાપુની કાલે ૨૬ મીએ પુણ્યતિથી નિમિત્તે દેશભક્તો દ્વારા તેઓની યાદગીરીને વાગોળીને શ્રદ્ધા સુમન કરશે.

''બાપુ''ના હુલમણા નામે ઓળખાતા મહાન દેશભકત પૂ. નટવરસિંહજી ધીરસિંહજી વાઘેલાનો જન્મ સૌરાષ્ટ્રના ઝાલાવાડ પંથકના લીંબડી ગામમાં થયો હતો. જે લીંબડી આઝાદીની ચળવળ અને ક્રાંતિકારી પ્રવૃત્તિઓનું કેન્દ્ર હતું. જેને ક્રાંતિકારી સરદારસિંહ રાણા, પ્રજાતંત્ર ચળવળના અગ્રણી રૂપસિંહ રાઠોડ, દિલાવરસિંહ રાણા જેવા અનેક રત્નો પૈકી નટવરસિંહજી તેમાનાં એક હતાં. જેનો જન્મ અષાઢ વદ-૧૧, સંવત ૧૯૨૨ માં ધીરસિંહ પરીવારમાં થયેલ હતો. વિનય આર્ટસનાં છેલ્લા વર્ષ સ્નાતક સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓ નાનપણથીજ દેશભકિતના કાર્યોથી રંગાયેલા હતા. બચપણમાંજ પિતાજીનું અવશાન થતા શિક્ષક તરીકે નોકરી પણ કરેલ હતી અને થોડો સમય મુંબઈ ગીરગાવમાં પણ મામાને ત્યાં પણ નોકરી કરવી પડી હતી, આમ અભ્યાસ પણ કર્યો હતો.







મોરેસેસથી આવતી ખાંડ સો આંદોલન, બહિષ્કાર એલાંન થતા તેમણે ખાંડનો ત્યાગ કરેલ હતો અને બીજા વિશ્વ યુદ્ઘ પછી તેમણે કયારેય ખાંડ ખાધી ન હતી. આમ, પોતાની દેશભકિતનો ખ્યાલ આપી દીધો હતો.

૨૩ વર્ષની યુવાન વયે દેશના કામ માટે પ્રચારક તરીકે નિકળ્યા હતા અને ૬૪ વર્ષ સુધી પોતાનું જીવન અર્પણ કરેલ હતું, આજીવન અપરણિત રહ્યા હતા અને ડો. હેડગેવાર જેવું જીવન જીવવું અને જરૂર પડે ત્યારે બલીદાન આપવા તૈયાર રહેવું તેવું જીવન તેઓ ૬૫ વર્ષ સંઘના પ્રચારક તરીકે રહી, રાગદ્વેશથી પર રહી, ગીતામાં લખ્યા મુજબ સ્થિતપ્રજ્ઞ ભકત રહી જીવન જીવી ગયા, તેઓ હંમેશા સંઘકાર્યને અને દેશકાર્યને પ્રાધાન્ય આપતા. દ્વિતીય સરસંઘચાલક ગુરૂજીનો સંદેશ ''મે નહીં તું'' જીવનમાં ચરીતાર્થ કરતા ગયા અને અનેક યુવાનોને સંઘકાર્ય અને દેશ કાર્યમાં જોડતા ગયા અને એક આદર્શ દેખાડતા ગયા. તેઓ નરસિંહ મહેતાના કહેવા મુજબ ''સાચા વૈષ્ણવ જન'' જેવું જીવન જીવી અનેક સ્વયંસેવકોને પ્રેરણા આપતા ગયા.

પોતાના અતીપ્રિય ગીત ''ખડા હિમાલય બતા રહા હૈ ડરો ન આંધી પાની સે ઘડે રહો અપને પથ પર સબ કડી નાહિ તુફાનો મેં'' ખડા હિમાલયની જેમ અને પોતે અપનાવેલા માર્ગ પર આંધી કે તુફાનોમાં નીડરતાથી ઉભા રહી જેવું જેઓ જીવન જીવી બતાવી એક અનુકરણીય જીવનના માર્ગદર્શક રહ્યા તેમજ સૌરાષ્ટ્રમાં પગપાળા, સાયકલ અને મોટરસાયકલ પર અનહદ પ્રવાસ કરી દેશભકિતનો મજબુત પાયો નાખ્યો હતો.

ગુજરાતનાં મા. મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, સ્વ. ચિમનભાઈ શુકલ, સ્વ. અરવિંદભાઈ મણીઆર, સ્વ.મા. પ્રવિણકાકા મણીઆર અને સૂર્યકાંતભાઈ આચાર્ય, નાથાલાલ ઝગડા,સ્વ. યશવંતભાઈ ભટ્ટ, સ્વ. ગૌતમભાઈ ભટ્ટ વગેરે જેવા અનેક સ્વયંસેવકોના ઘડતરમાં ખુબજ અગત્યનો ભાગ ભજવેલ હતો.

અને ''મૌન તપસ્વી સાધક બન કર અવિરતસા ચુપ ગલે'' ૬૫ વર્ષ જેઓ પ્રચારક રહ્યા અને છતાય કદી છાપામાં નહી ફોટો નહીં પ્રસિધ્ધિ, આવુ પરામુકતની કેવળ વાત નહીં તો આદર્શ જીવન જીવી ગયા એવું કહેતા દેશ સેવામાં સમાજ સેવા, બહુમાન શે નૂ ને માં (ભારત માતાની) ની સેવામાં બહુમાન શેનું? આવા ઉચ્ચ દેશભક્તિના સંસ્કાર અનેક સ્વયંસેવકને આપતા ગયા.

અને ૨૬ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ ૮૮ વર્ષની ઉંમરે ન્યુમોનીયા અને બ્લડ કેન્સરની બિમારીથી નિધન થયું. તેવા રાષ્ટ્ર સમર્પિત આત્માને સત સત વંદન.

## પંચાયતથી પાર્લામેન્ટ ગુજરાતની દીકરીઓ ભરશે નવી ઉડાન

# તેર હજાર ગ્રામ પંચાયતોમાં 'બાલિકા પંચાયત'ની રચના

### દીકરીઓને લોકશાહીના પાઠ ભણાવતું બાલિકા પંચાયત મોડેલ અમલી બનાવનાર ગુજરાત દેશમાં અગ્રેસર : પ્રથમ તબક્કામાં તમામ જિલ્લાઓમાં ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ તૈયાર કરાયાઃ બીજા તબક્કામાં ક્લસ્ટર પ્રમાણે ૧,૯૦૦ થી વધુ 'માસ્ટર ટ્રેનર્સ' તૈયાર કરાશે : માસ્ટર ટ્રેનર્સ છેવાડાના ગામની દીકરીઓને તાલીમ આપી તેમને વધુ સશક્ત બનાવશે

ગાંધીનગર, તા.૨૩

વિજ્ઞાન હોય કે વહીવટ, રમતગમત હોય કે રાષ્ટ્રની સુરક્ષા, દીકરીઓએ દરેક ક્ષેત્રમાં પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાનના મંત્રને આત્મસાત કરી, ગુજરાત સરકાર દીકરીઓના જન્મને વધાવવાથી લઈને તેમને શિક્ષણ આપી આત્મનિર્ભર બનાવવા સુધીના તમામ પડાવો પર મક્કમતાથી કામ કરી રહી છે. તેજ દિશામાં આગળ વધતાં ગુજરાતે દેશમાં પ્રથમવાર 'બાલિકા પંચાયત' મોડેલ જેવી નવતર પહેલ અમલી બનાવી છે.

રાજ્યની બાલિકાઓમાં વધુને વધુ નેતૃત્વના ગુણો વિકસાવવા અને તેમને લોકશાહીની પ્રક્રિયાથી માહિતગાર કરવા માટે રાજ્યની ૧૩ હજારથી વધુ ગ્રામ પંચાયતોમાં બાલિકા પંચાયતની રચના કરવામાં આવી છે. કચ્છ જિલ્લાના મોટા અંગિયા અને મસ્કા ગામથી શરૂ થયેલો આ પાયલોટ પ્રોજેક્ટ હવે સમગ્ર રાજ્યની ૧૩ હજાર ગ્રામ પંચાયતોમાં વિસ્તર્યો છે. બાલિકા પંચાયત જેવી નવતર પહેલ કરનાર ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં તથા મહિલા અને બાળ વિકાસ મંત્રી ડો. મનિષાબેન વકીલના નેતૃત્વમાં ગુજરાત સરકાર દીકરીઓના શિક્ષણ અને વિકાસને પ્રોત્સાહન આપવા સતત પ્રયત્નશીલ છે. દેશભરમાં દીકરીઓના મૃત્યુદર ઘટાડવા તથા તેમના શિક્ષણ, આરોગ્ય અને સમાનતા અંગે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી સમગ્ર દેશમાં વર્ષ ૨૦૦૮ થી ૨૪ જાન્યુઆરીના દિવસને 'રાષ્ટ્રીય બાલિકા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

કેન્દ્ર સરકાર દ્વારા બાલિકાઓના અધિકારો, શિક્ષણ અને તેમને સમાજમાં મહત્વપૂર્ણ સ્થાન



આપવાના ઉદ્દેશ સાથે આ દિવસ ઉજવાય છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ બાલિકાઓના સશક્તીકરણ અને ભવિષ્યને વધુ પરિપૂર્ણ બનાવવાના પ્રયાસોને પ્રોત્સાહિત કરવાનો છે. આ વર્ષે 'દીકરીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે તેમનું સશક્તીકરણ' થીમ પર આ દિવસની ઉજવણી કરવામાં આવશે.

સમગ્ર રાજ્યની ગ્રામ પંચાયતો પૈકી રચના થયેલ ૧૩૦૦૦ ગ્રામ પંચાયત ખાતે બાલિકા પંચાયત અમલવારી માટે કિશોરીઓમાં પોષણ, એનીમિયા, જેન્ડર આધારીત ભેદભાવ, નેતૃત્વ, પંચાયતી રાજ, બાળ અધિકારો, સલામતી અને સંરક્ષણ માટેના કાયદા, કિશોરાવસ્થામાં થતા ફેરફારો જેવા મુદ્દાઓ અંગે વિસ્તૃત સમજ આપવા માટે યુનિસેફના સહયોગથી બાલિકા પંચાયત તાલીમ મોડ્યુલ પણ તૈયાર કરવામાં આવ્યું છે.

તાજેતરમાં પ્રથમ તબક્કામાં મહિલા અને બાળ વિકાસ વિભાગના ઈઈઉજ અને મહિલા કલ્યાણના કર્મયોગીઓને યુનિસેફ દ્વારા 'ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ' પણ આપવામાં આવી છે. બીજા તબક્કામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તમામ જિલ્લાઓમાં ક્લસ્ટર પ્રમાણે 'માસ્ટર ટ્રેનર્સ' તૈયાર કરવામાં આવનાર છે. આ માસ્ટર ટ્રેનર્સ હવે છેવાડાના ગામ સુધીની દીકરીઓને તાલીમ આપી તેમને વધુ સશક્ત બનાવશે.

સ્ત્રી ભ્રૂણહત્યા, બાળ લગ્નો અને બાળ મજૂરી જેવા સામાજિક દૂષણોને દૂર કરી દીકરીઓને સમાન તક આપવા રાજ્ય સરકાર મક્કમ છે. રાષ્ટ્રીય બાલિકા દિવસ એ માત્ર ઉજવણી નથી, પરંતુ દીકરીઓના આત્મસન્માન અને ઉજ્જ્વળ ભવિષ્ય માટેના પણ સંકલ્પનો દિવસ છે.

### લાકડી ફટકારી મગરને મારી નાખી : વનતંત્રની કાર્યવાહી

# મગરની કરપીણ હત્યા કરનાર બે ઝડપાયા

વડોદરા, તા.૨૪

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના ચોરભુજ ગામે માનવતાને શરમાવે તેવી એક ઘટના સામે આવી છે. ગામના તળાવ નજીક એક મગરને લાકડીઓ વડે અત્યંત ક્રૂરતાપૂર્વક મારી નાખવામાં આવ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતા ચકચાર મચી ગઈ છે. આ મામલે વન વિભાગે ત્વરિત કાર્યવાહી કરી બે શખસોની ધરપકડ કરી છે.





મળતી માહિતી અનુસાર, ચોરભુજ ગામના પાદરમાં આવેલા તળાવ નજીક એક મગર આવી ચઢ્યો હતો. સામાન્ય રીતે વન વિભાગને જાણ કરવાને બદલે, સ્થાનિક કેટલાક શખસોએ કાયદો હાથમાં લીધો હતો. વાઈરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, મગર પર લાકડીઓ વડે પ્રહાર કરવામાં આવ્યા હતા. નિર્દયતાની હદ તો ત્યારે વટાવી જ્યારે મગર અધમૂવો થઈ ગયો છતાં તેને માર મારવાનું ચાલુ રાખ્યું અને અંતે તેને મોતને ઘાટ ઉતારી તળાવમાં ફેંકી દેવામાં આવ્યો હતો.

આ ઘટનાનો વીડિયો વન વિભાગના અધિકારીઓના ધ્યાન પર આવતા જ તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા. વન વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી અને વીડિયોના આધારે આરોપીઓની ઓળખ કરી હતી. વન વિભાગે આ ગુનામાં સંડોવાયેલા બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે.

વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ (વન્યજીવ સંરક્ષણ અધિનિયમ) હેઠળ ગુનો નોંધી બંને આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.

વડોદરા જિલ્લો મગરોનું નિવાસસ્થાન ગણાય છે, ત્યારે અવારનવાર મગરો રહેણાંક વિસ્તારમાં આવી ચઢતા હોય છે. વન વિભાગ દ્વારા વારંવાર અપીલ કરવામાં આવે છે કે કોઈપણ વન્યજીવ દેખાય તો તેની જાણ તુરંત વિભાગને કરવી, પરંતુ ચોરભુજની આ ઘટનાએ પ્રાણીપ્રેમીઓમાં ભારે રોષ જગાડ્યો છે. નોંધનીય છે કે વન્યજીવની હત્યા એ ગંભીર ગુનો છે અને તેમાં બિનજામીનપાત્ર જેલની સજાની જોગવાઈ છે.

# વિદ્યાર્થી વિજ્ઞાન મંથનનો આજે રાજકોટમાં કેમ્પ

### ધારાસભ્ય દર્શિતાબેન શાહ અને સૌરાષ્ટ્ર પ્રાંત સંઘ ચાલકજી મુકેશભાઈ મલકાંતના હસ્તે કેમ્પનું ઉદઘાટન

રાજકોટ, તા.૨૪

વિજ્ઞાન ભારતી રાષ્ટ્રીય સંસ્થા અને તેમનું ગુજરાતનું યુનિટ વિજ્ઞાન ગુર્જરી મારફત સ્વદેશી વિજ્ઞાનનો પ્રચાર પ્રસાર અને તેની સાથે આધુનિક વિજ્ઞાનમાં શાળા કોલેજ અને યુનિવર્સિટીના બાળકો રસ લઈ વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે વિશ્વમાં ભારતનો ડંકો વગાડે તે માટે અનેકવિધ કાર્યક્રમ યોજાઇ રહ્યા છે. તાજેતરમાં ગુજરાત રાજ્યમાં વિજ્ઞાન ગુર્જરી અને ઈસરોના સંયુક્ત ઉપક્રમે શાળાએ શાળાએ અવકાશ વિજ્ઞાનની ભારતની સિદ્ધિઓ ના પ્રાયોગિક મોડેલો સાથે સમજણની કાર્ય શાળાઓ ચાલી રહી છે તેવી જ રીતે શાળાના વિદ્યાર્થીઓ ને વૈજ્ઞાનિક બનવા માટે તાલીમ આપવા અને દરેક રાજ્યમાંથી તેજસ્વી તારલાઓને પરીક્ષા દ્વારા આઈડેન્ટિફાઈડ કરવા વિદ્યાર્થી વિજ્ઞાન મંથન કાર્યક્રમ વિજ્ઞાન ભારતીના માધ્યમથી છેલ્લા ૧૫ વર્ષથી યોજવામાં આવે છે.

જેમાં બે તબક્કામાં વિદ્યાર્થીઓની પ્રાથમિક અને પ્રાયોગિક પરીક્ષાલય દરેક સ્ટાન્ડર્ડમાં એક બે અને ત્રણ તેજસ્વી તારલાઓને સન્માનિત કરી તેમને રાષ્ટ્રીય કક્ષાની ભારત સરકારની સંસ્થામાં તાલીમ આપવામાં આવે છે. આ વર્ષના વિજ્ઞાન વિદ્યાર્થી મંથનના પ્રથમ તબક્કામાં સફળ રહેલા ૧૫૬





વિદ્યાર્થીઓમાંથી દરેક સ્ટાન્ડર્ડમાં પ્રથમ ત્રણ તેજસ્વી વિદ્યાર્થીઓને સિલેક્ટ કરવા સિલેક્ટ કરવા માટે છ કલાકની બૌદ્ધિક પ્રાયોગિક અને પ્રાથમિક પરીક્ષાઓનું આયોજન પ્રથમ વખત રાજકોટમાં ઘનશ્યામ નગર સ્વસ્તિક સ્કૂલ આજે તા.૨૫ ને રવિવારે યોજાનાર હોવાનું જાહેર કરાયું છે.

વિજ્ઞાન ભારતી દ્વારા વિજ્ઞાન અને ગણિતની વિવિધ પ્રવૃતિઓ થઈ રહી છે જે પૈકી વિદ્યાર્થીઓને વિજ્ઞાન સંશોધનમાં રસ લેતાં કરવા માટે અને ભવિષ્યના વૈજ્ઞાનિકો તૈયાર કરવા માટે ભારતના દરેક રાજ્યમાં વિદ્યાર્થી વિજ્ઞાન મંથન કાર્યક્રમ અંતર્ગત લાખો વિદ્યાર્થીઓમાંથી પ્રતિભાશાળી બાળકો પસંદ કરી તેમને વૈજ્ઞાનિકોના માર્ગદર્શન હેઠળ તાલીમ આપવામાં આવે છે.

પ્રોજેક્ટ અંતર્ગત આખા ગુજરાતમાંથી લગભગ દસ હજાર બાળકોએ ઓનલાઈન વિદ્યાર્થી વિજ્ઞાન મંથન પરીક્ષા આપી હતી. જેમાંથી પ્રથમ અને દ્વિતીય તબક્કા બાદ રાજ્ય કક્ષાએ સ્ટેટ લેવલ કેમ્પમાં ધોરણ ૬ થી ૧૧ના ૧૫૩ બાળકો પસંદ થયાં છે. સ્ટેટ કક્ષાનો કેમ્પ આ વર્ષે રાજકોટ ખાતે આજે તા.૨૫ને રવિવારે યોજવામાં આવ્યો છે.

કેમ્પના ઉદઘાટન પ્રસંગે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, સૌરાષ્ટ્ર પ્રાંતના સંઘ સંચાલકજી મુકેશભાઈ મલકાણ ઉપસ્થિત રહેશે અને સમાપન સત્રમાં જાણીતા શિક્ષણવિદ ગિજુભાઈ ભરાડ, જિલ્લા શિક્ષણાધિકારી દીક્ષિતભાઈ પટેલ, સ્વસ્તિક સ્કૂલના સંચાલક અલ્પેશભાઈ જોશી ઉપસ્થિત રહેશે. આખા દિવસના કેમ્પ દરમિયાન આ બાળકોની વિવિધ પ્રકારે કસોટીઓ તેમજ પ્રાયોગિક કાર્યના અંતે પ્રત્યેક ધોરણમાંથી ત્રણ ત્રણ બાળકો પસંદ કરવામાં આવશે. જેમાં પ્રથમને ૫૦૦૦, દ્વિતીયને ૩૦૦૦ અને તૃતીયને ૨૦૦૦ રૂપિયાનું ઇનામ આપવામાં આવશે. જયારે ધોરણ પ્રમાણે પ્રથમ અને દ્વિતીય ક્રમે આવેલા વિદ્યાર્થીઓ નેશનલ કક્ષાના કેમ્પમાં જશે.

આ સમગ્ર આયોજન વિજ્ઞાન ગુર્જરીના ગુજરાત અધ્યક્ષ ડો. ચૈતન્યભાઈ જોશી, સેક્રેટરી જીગ્નેશભાઈ બોરીસાગર તેમજ વિજ્ઞાન ગુર્જરી સૌરાષ્ટ્ર-કચ્છના કન્વીનર ડો. નિકેશભાઈ શાહ, સહ કન્વીનર પ્રદીપભાઈ જોશીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી વિજ્ઞાન મંથનના સ્ટેટ કોર્ડિનેટર મનસુખભાઇ નારિયા, કમલેશભાઈ લીમ્બાચીયા, ડો. અતુલભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું છે.

# બુલેટ ટ્રેનની કામગીરી સમયે મોટી સર્જાઈ દુર્ઘટના









### તાપી નદીમાં બોટ પર લોખંડની પ્લેટ પડતા પિતા-પુત્રીનું કરૂણ મોત

સુરત, તા.૨૪

સુરતના કઠોર ગામ નજીકથી પસાર થતી તાપી નદી પર નિર્માણધીન બુલેટ ટ્રેન બ્રિજના કામ દરમિયાન દુર્ઘટના સર્જાઈ હતી. બ્રિજનું કામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક લોખંડની પ્લેટ નીચે પડતા, નદીમાં માછીમારી કરી રહેલા પિતા- પુત્રનું કરૂણ મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ, કઠોર ગામ પાસે તાપી નદી પર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત બ્રિજ બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ દરમિયાન લોખંડની એક ભારે પ્લેટ અચાનક નીચે પડી હતી. આ દરમિયાન ૩૫ વર્ષીય મોહસીન શેખ અને તેના નવ વર્ષીય પુત્ર હુમા મોહસીન શેખ નીચે નદીમાં માછીમારી કરી રહ્યા હતા. પ્લેટ સીધી તેના પર પડતા બંને દબાઈ ગયા હતા અને ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ દમ તોડ્યો હતો.

ઘટનાની જાણ થતા જ સુરતની ઉત્તરાણ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થાનિક લોકોની મદદથી ભારે જહેમત બાદ બંને મૃતદેહોને બહાર કાઢ્યા હતા અને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, આટલા મોટા નેશનલ પ્રોજેક્ટમાં સુરક્ષાના નિયમોનું ઉલંઘન થયું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ દેખાઈ રહ્યું છે. પોલીસે ગુનો નોંધી જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.

### NTCAની સહભાગીતાથી વાઘ સંરક્ષણ-જતન માટેની કોમ્યુનિટી પાર્ટીશિપેશન તાલીમ સ્થાનિક લોકોને આપવાનું આયોજન કરાશે : અર્જુન મોઢવાડિયા

# વાઘના સંરક્ષણ-સંવર્ધન માટે તંત્ર સજ્જ : વન મંત્રી

### રાજયમાં ઇકો ટુરિઝમને વેગ આપવામાં આવશે, સાથે જ ઇકો ટુરિઝમથી વન્યજીવ સૃષ્ટિને કોઈ નુકસાન કે ખલેલ ન થાય તે માટે વિઝિટર ગાઈડલાઈન તૈયાર કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત સ્ટેટ વાઈલ્ડ લાઈફ બોર્ડની મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બેઠક અંગે વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ ગાંધીનગર ખાતે મીડિયાને વિગતો આપતાં કહ્યું હતુ કે, ગુજરાતમાં વન્યજીવોના સંરક્ષણ અને પર્યાવરણીય સંતુલન જાળવવા માટે સરકાર કટિબદ્ધ છે. રાજ્યના મહત્વના સિંહ અભયારણ્ય, પક્ષી અભયારણ્ય, ઘુડખર અભયારણ્ય તથા રીંછ અભયારણ્ય જેવા વન્યજીવ કેન્દ્રોના વિકાસ અને વન્ય પ્રાણીઓની સુરક્ષા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.





વન્યજીવ વસ્તી ગણતરી દરમિયાન ગુજરાતના રતનમહાલ અભયારણ્ય અને આસપાસના વિસ્તારોમાં વાઘની હાજરી નોંધાઈ છે, જે રાજ્ય માટે ગૌરવની વાત છે. આ વાઘના કાયમી વસવાટ, સુરક્ષા અને તેની સંખ્યામાં વૃદ્ધિ થાય તે માટે વન વિભાગ દ્વારા સર્વગ્રાહી આયોજન કરવામાં આવ્યું છે. વાઘના સંરક્ષણ માટે ગુજરાત વન વિભાગ 'નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી' સાથે સતત સંપર્કમાં છે. તેમના દ્વારા સૂચવવામાં આવેલા તમામ માર્ગદર્શક સિદ્ધાંતો અને ઉપાયોનું આગામી સમયમાં રાજ્યમાં ચુસ્તપણે પાલન કરવામાં આવશે. વાઘના સંરક્ષણની સાથે સાથે તેના ખોરાક અને વસવાટની ક્ષમતા વધારવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે તેમ વન મંત્રીએ ઉમેર્યું હતું.

ગઝઈઅની સહભાગીતાથી આ વિસ્તારમાં વાઘ સંરક્ષણ-જતન માટેની કોમ્યુનિટી પાર્ટીશિપેશન તાલીમ સ્થાનિક લોકોને આપવાનું આયોજન કરવામાં આવશે. સાથે જ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના પ્રોટેક્ટેડ ફોરેસ્ટ એરિયામાં ઈકો ટુરિઝમને વેગ આપવા, સાથે જ પ્રવાસીઓ-વિઝીટર્સની વધતી જતી સંખ્યાને પરિણામે વન્યજીવ સૃષ્ટિને કોઈ નુકસાન કે ખલેલ ન થાય એની પણ કાળજી લેવા વન વિભાગને સૂચનો કર્યા હતા. જે સંદર્ભે વિઝીટર્સ પોલિસી ગાઈડલાઈન્સ તૈયાર કરવામાં આવશે. ગુજરાતમાં દીપડાઓની વધતી જતી સંખ્યા અને રેસ્ક્યુ થયેલા દીપડા સહિતના દીપડાઓ માટે અભયારણ્યનું સ્થળ નજીકના ભવિષ્યમાં સુનિશ્ચિત કરવાના આયોજનની પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

## શુભ લગ્ન

### વડોદરા નિવાસી અજયસિંહ રાણાના સુપુત્ર ચિ.દેવાંગરાજ રાણાના 3જી ફેબ્રુઆરીએ શુભલગ્ન

**ચિ. દેવાંગરાજ + ચિ. સૌ.કાં.ચિ. મિથીલાકુમારી**

**રાજકોટ :** મૂળ ફેદરા હાલ વડોદરા નિવાસી અજયસિંહ નવલસિંહ રાણાના સુપુત્ર દેવાંગરાજ રાણાના શુભ લગ્ન તા/૩-૨-૨૦૨૬ના રોજ મૂળ હાથસણી હાલ ભાવનગર નિવાસી વિરમદેવસિંહ લખધીરસિંહ સરવૈયાના કુંવરીશ્રી સૌ.કાં.ચિ. મિથીલાકુમારી સાથે નિરધાર્યા છે. શુભલગ્ન પ્રસંગે યોજાનાર શુભ પ્રસંગોમાં તા. ૧.૨.૨૦૨૬ના રોજ સવારે ૮ વાગ્યે વેલ પ્રસ્થાન, માળા મુહૂર્ત, તા.૨ ના રોજ સવારે ૧૦ વાગ્યે ગણેશ સ્થાપના, ૧૦-૩૦ વાગ્યે મંડપ મુહૂર્ત, ૧૧ વાગ્યે પાટે બેસવાનું મુહૂર્ત, રાત્રીના ૮-૩૦ વાગ્યે દાંડિયા રાસ, તા.૩ના રોજ સવારે ૧૦ વાગ્યે ગ્રહશાંતિ, સવારે ૧૧-૩૦ વાગ્યે પીઠી, સાંજે ૫-૩૦ કલાકે સામે ચડવાનું મુહૂર્ત, સાંજે ૭ વાગ્યે ભોજન સમારોહ, રાત્રે ૮-૩૦ વાગ્યે હસ્તમેળાપ રખાયા છે. સપ્તપદી પાર્ટીપ્લોટ, ગુરુદ્વારાની સામે, છાણી રોડ, વડોદરા ખાતે યોજાનાર શુભ લગ્ન પ્રસંગે આમંત્રિત મહેમાનોએ સમયસર હાજર રહીને નવ દંપતીને આશીર્વાદ આપવા રાણા પરિવારનો અનુરોધ છે.

### રાજકોટ નિવાસી અરવિંદભાઈ ત્રાડાના સુપુત્ર ચિ. મુદિત ત્રાડાના 3જી ફેબ્રુઆરીએ શુભલગ્ન

**ચિ. મુદિત ત્રાડા + ચિ. ડો. દર્શી**

**રાજકોટ :** રાજકોટ નિવાસી અરવિંદભાઈ નરશીભાઈ ત્રાડાના સુપુત્ર ચિ.મુદિતના શુભ લગ્ન તા. ૩.૨.૨૦૨૬ ના રોજ રાજકોટ નિવાસી રજનીભાઈ સોરથીયાના સુપુત્રી ચિ.દર્શી સાથે નિરધાર્યા છે. શુભલગ્ન પ્રસંગે યોજાનાર શુભ પ્રસંગોમાં તા.૧ના રોજ સવારે ૯ વાગ્યે મંડપ મુહૂર્ત, ૧૨ વાગ્યે લાપસી જમણ, તા. ૨ના રોજ ૭ વાગ્યે ભોજન સમારોહ, રાત્રીના ૮-૩૦ કલાકે સંગીત સંધ્યા, તા.૩ના રોજ બપોરે ૩-૩૦ વાગ્યે જાન પ્રસ્થાન, સાંજે ૭-૩૫ વાગ્યે હસ્તમેળાપ રખાયા છે. તા.૪ ના રોજ સાજે ૬-૩૦ વાગ્યે રેજન્સી લગૂન, ન્યારી ડેમ રોડ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે નવદંપતીનો સત્કાર સમારંભ અને સાંજે ૭-૩૦ કલાકે ભોજન સમારોહનું આયોજન કરાયું છે. શુભલગ્ન પ્રસંગે આમંત્રિત મહેમાનોએ સમયસર હાજર રહીને નવ દંપતીને આશીર્વાદ આપવા ત્રાડા પરીવાર દ્વારા અનુરોધ કરાયો છે.

### વડોદરા નિવાસી કૃષ્ણસિંહ રમુભા જાડેજાના સુપુત્ર ચિ. વિષ્ણુસિંહ જાડેજાના ૧૦મી ફેબ્રુઆરીએ શુભલગ્ન

**ચિ. વિષ્ણુસિંહ જાડેજા + ચિ. ધ્રુવીબા ગોહિલ**

**રાજકોટ :** મૂળ સાપર(મોરબી)હાલ વડોદરા નિવાસી કૃષ્ણસિંહ રમુભા જાડેજાના સુપુત્ર ચિ. વિષ્ણુસિંહ જાડેજાના તા.૧૦.૨.૨૦૨૬ના રોજ મૂળ ધરાઈ હાલ ભાવનગર નિવાસી રાજેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ ગોહિલના સુપુત્રી સૌ.કાં.ચિ.ધ્રુવીબા સાથે નિરધાર્યા છે. શુભલગ્ન પ્રસંગે યોજાનાર શુભ પ્રસંગોમાં તા. ૯.૨.૨૦૨૬ના રોજ રાત્રે ૮ વાગ્યે રાસ ગરબા, તા.૧૦ ના રોજ સવારે ૧૦ વાગ્યે ગણેશ સ્થાપના, ૧૦-૧૫ વાગ્યે મંડપ મુહૂર્ત, ૧૧.૪૫ વાગ્યે પીઠી, સાંજે ૭ વાગ્યે સામે ચડવાનું મુહૂર્ત, ૭-૩૦ વાગ્યે ભોજન સમારોહ, રાત્રે ૮-૧૦ વાગ્યે હસ્તમેળાપ રખાયા છે. વડોદરા બસ ડેપોથી ૩૦ કિમી દુર, શ્રી બ્રહ્મેશ્વર મંદિર, કાયાવરોહણ(વાયા પોર ગામ) ખાતે રાખેલા શુભલગ્ન પ્રસંગે આમંત્રિત મહેમાનોએ સમયસર હાજર રહીને નવ દંપતીને આશીર્વાદ આપવા જાડેજા પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.



# વન-વે ન હોય

## વેરો ઉઘરાવવામાં આક્રમક, સુવિધા આપવામાં રેઢિયાળ




રાજકોટ મહાપાલિકા દ્વારા હાલમાં મિલકત વેરો વસૂલવા માટે જે પ્રકારની આક્રમકતા બતાવવામાં આવી રહી છે. ઠેર-ઠેર 'ધમકી' જેવા લાગતા બોર્ડ લગાવવામાં આવ્યા છે. તંત્રનો સંદેશ સ્પષ્ટ છે: ''વેરો ભરો, નહિતર જપ્તી આવશે.'' ચોક્કસપણે, વેરો ભરવો એ દરેક નાગરિકની નૈતિક અને કાનૂની ફરજ છે. શહેરના વિકાસ માટે ભંડોળ જરૂરી છે, પરંતુ આ પ્રક્રિયા ક્યારેય 'વન-વે' ન હોઈ શકે.

વેરો ઉઘરાવવામાં આક્રમક, સુવિધા આપવામાં રેઢિયાળ - આ વાક્ય આજે રાજકોટની વાસ્તવિકતા બની ગયું છે. મ્યુનિસિપલ કોર્પોરેશન જ્યારે પૈસા લેવાની વાત આવે ત્યારે સિંહ જેવી ગર્જના કરે છે, પણ જ્યારે પાયાની સુવિધાઓ આપવાની વાત આવે ત્યારે તે જ તંત્ર કાચબાની ગતિએ ચાલે છે. શું સત્તાધીશોએ ક્યારેય વિચાર્યું છે કે જનતા પાસેથી આક્રમક રીતે વસૂલાતો વેરો ક્યાં જાય છે?

રાજકોટના અનેક વિસ્તારોમાં આજે પણ રસ્તાઓ બિસ્માર હાલતમાં છે. ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે અને સફાઈના નામે માત્ર મુખ્ય માર્ગો જ ચકચકાટ દેખાય છે. શેરી-ગલીઓમાં કચરાના ઢગલા અને ઉભરાતી ગટરો સામાન્ય દ્રશ્ય છે. જ્યારે નાગરિક પોતાની ફરિયાદ લઈને જાય છે, ત્યારે તંત્ર 'રેઢિયાળ' બની જાય છે. ત્યાં કોઈ આક્રમકતા જોવા મળતી નથી. ત્યાં માત્ર 'પ્રોસેસમાં છે' એવો લૂલો બચાવ મળે છે.

તંત્રની ફરજ માત્ર કાયદાનું પાલન કરાવવાની નથી, પણ સેવાનું સ્તર સુધારવાની પણ છે. જો વેરો ન ભરનારની મિલકત સીલ થઈ શકતી હોય, તો ખરાબ રસ્તા કે ગટરની સુવિધા ન આપનાર અધિકારી સામે કેમ પગલાં ન ભરાય? સુવિધા આપવામાં પણ એવી જ આક્રમકતા જરૂરી છે જેવી વેરો ઉઘરાવવામાં બતાવવામાં આવે છે. વહીવટમાં પારદર્શિતા અને જવાબદારી હોવી જોઈએ.

લોકશાહીમાં કરદાતા એ રાજા છે, ગુનેગાર નથી. ડરાવી-ધમકાવીને વેરો લેવા કરતા, ઉત્તમ સુવિધાઓ આપીને લોકોમાં વિશ્વાસ પેદા કરવો જોઈએ. જો નાગરિકને લાગશે કે તેના પૈસાનો સાચો ઉપયોગ થઈ રહ્યો છે અને તેને બદલામાં શ્રેષ્ઠ રસ્તા, શુદ્ધ પાણી અને સ્વચ્છતા મળી રહી છે, તો તેને ધમકાવવાની જરૂર નહીં પડે. વહીવટીતંત્રએ યાદ રાખવું જોઈએ કે ફરજ બંને પક્ષે હોય છે. જો જનતા વેરો ભરે છે, તો તંત્રએ સુવિધા આપવા માટે પણ એટલી જ સજ્જતા અને આક્રમકતા દાખવવી પડશે.

# બંગાળમાં ઉતાવળે થયેલી SIRની ટીકા કરતુ અમર્ત્ય સેન

## મતદાતાઓ માટે અસુવિધાજનક અને ભારતીય લોકશાહી માટે અન્યાયી ગણાવી

નવીદિલ્હી, તા. ૨૪

નોબેલ પુરસ્કાર વિજેતા અર્થશાસ્ત્રી અમત્ર્ય સેને શનિવારે ચેતવણી આપી હતી કે, બંગાળમાં ચાલી રહેલી મતદાર યાદી SIR ની ખાસ સઘન સમીક્ષા (SIR) ''અયોગ્ય રીતે ઉતાવળ'' સાથે કરવામાં આવી રહી છે, તે લોકશાહી ભાગીદારીને જોખમમાં મૂકી શકે છે, ખાસ કરીને વિધાનસભાની ચૂંટણીઓને અમુક મહિનાઓ દૂર છે. ચૂંટણી પંચ અને સુપ્રીમ કોર્ટે ખાતરી કરવી જોઈએ કે કોઈ પણ પુખ્ત ભારતીય નાગરિકને મતદાન માટે પત્ર બનવામાં મુશ્કેલી ન પડવી જોઈએ. તેઓ SIR ની જરૂરિયાત સાથે અસંમત ન હતા પરંતુ પ્રક્રિયા પર પ્રશ્ન ઉઠાવ્યા હતા.




તેમણે કહ્યું કે, મતદાર યાદીઓની સંપૂર્ણ સમીક્ષા પૂરતા સમય સાથે કાળજીપૂર્વક કરવી એ એક સારી લોકશાહી પ્રક્રિયા હોઈ શકે છે, પરંતુ હાલમાં પશ્ચિમ બંગાળમાં આવું થઈ રહ્યું નથી. ચૂંટણી પંચના અધિકારીઓએ ૭ જાન્યુઆરીએ શાંતિનિકેતનમાં સેનના ઘર પ્રતીચીની મુલાકાત લીધી હતી અને તેમના ગણતરી ફોર્મ એન્ટ્રીઓમાં ''તાર્કિક વિસંગતતા'' બદલ તેમને SIR સુનાવણી નોટિસ ફટકારી હતી. પોલ પેનલના જણાવ્યા અનુસાર, નોટિસ જારી કરવામાં આવી હતી કારણ કે સેન અને તેમની માતા અમિતા સેન વચ્ચે ઉંમરનો તફાવત ૧૫ વર્ષથી ઓછો હતો.

જોકે, ૨૦૦૨ ની મતદાર યાદી - જે ચૂંટણી પંચ દ્વારા અધિકૃત દસ્તાવેજ છે - તેમાં તે ૧૯ વર્ષનો ઉંમરનો તફાવત સૂચવે છે. બોસ્ટનથી પીટીઆઈ સાથે વાત કરતા સેને મતદાર યાદી સુધારણાના લોકશાહી મૂલ્ય અને તે પરિસ્થિતિઓ પર કહ્યું કે આવી કવાયત કાળજીપૂર્વક અને પૂરતા સમય સાથે હાથ ધરવામાં આવવી જોઈએ. પશ્ચિમ બંગાળમાં SIR ઉતાવળમાં કરવામાં આવી રહ્યું છે, મતદાન અધિકાર ધરાવતા લોકોને આગામી વિધાનસભા ચૂંટણીમાં મતદાન કરવાના તેમના હકને સમર્થન આપવા માટે દસ્તાવેજો સબમિટ કરવા માટે પૂરતો સમય નથી. આ મતદારો માટે અન્યાયી અને ભારતીય લોકશાહી માટે અન્યાયી છે.

સેને કહ્યું કે ચૂંટણી અધિકારીઓમાં પણ સમયનું દબાણ સ્પષ્ટ હતું. કેટલીકવાર, ચૂંટણી પંચના અધિકારીઓ પાસે પણ પૂરતો સમય ન હોય તેવું લાગે છે. જ્યારે તેઓએ શાંતિનિકેતનમાં મારા ગૃહ મતવિસ્તારમાંથી મતદાન કરવાના મારા અધિકાર પર પ્રશ્ન ઉઠાવ્યો - જ્યાંથી મેં પહેલા મતદાન કર્યું છે, અને જ્યાં મારું નામ, સરનામું અને અન્ય વિગતો સત્તાવાર રેકોર્ડમાં નોંધાયેલી છે - ત્યારે તેમણે મને મારી જન્મ તારીખે મારી મૃત માતાની ઉંમર વિશે પ્રશ્ન પૂછ્યો, જોકે, એક મતદાર તરીકે, મારી માતાની વિગતો, મારી જેમ, તેમના પોતાના સત્તાવાર રેકોર્ડમાં પણ સંગ્રહિત હતી.

પ્રખ્યાત અર્થશાસ્ત્રીએ આ દસ્તાવેજીકરણ પડકારોનું વર્ણન કર્યું, અને નોંધ્યું કે આ મુશ્કેલીઓ ગ્રામીણ વિસ્તારોમાં જન્મેલા ઘણા ભારતીયો માટે સામાન્ય છે. ગ્રામીણ ભારતમાં જન્મેલા ઘણા ભારતીય નાગરિકોની જેમ (મારો જન્મ શાંતિનિકેતન ગામમાં થયો હતો), મારી પાસે જન્મ પ્રમાણપત્ર નથી, અને મતદાન કરવાની મારી લાયકાત માટે મારા વતી વધુ કાગળો રજૂ કરવાની જરૂર હતી. જોકે આખરે તેમના માટે આ મુદ્દો ઉકેલાઈ ગયો હતો, સેને એવા નાગરિકો માટે ચિંતા વ્યક્ત કરી જેમની પાસે આવી સહાયનો અભાવ છે.

પશ્ચિમ બંગાળમાં SIR કોઈપણ રાજકીય પક્ષને રાજકીય રીતે ફાયદો કરાવી શકે છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા, સેને કહ્યું કે તેઓ ચોક્કસ મૂલ્યાંકન આપી શકતા નથી, તેમણે કહ્યું કે લોકશાહીની અખંડિતતા સર્વોપરી રહેવી જોઈએ. હું ચૂંટણી નિષ્ણાત નથી, તેથી હું આ પ્રશ્નનો ચોક્કસ જવાબ આપી શકતો નથી. જે લોકો વધુ જાણતા હોય છે તેમણે મને કહ્યું છે કે ભાજપને ફાયદો થશે. મને ખબર નથી કે તે સાચું છે કે નહીં, પરંતુ વાસ્તવિક મુદ્દો એ છે કે ચૂંટણી પંચે ખામીયુક્ત વ્યવસ્થા પર આગ્રહ રાખવો જોઈએ નહીં અને આપણા ગૌરવશાળી લોકશાહીમાં બિનજરૂરી દબાણ ન કરવું જોઈએ.

# સંતો-શંકરાચાર્યજીને મળીને ગૌરક્ષાની જવાબદારી લેવી પડશે : બાબા રામદેવ

## માત્ર પરિષદો યોજીને કે સૂત્રો બોલાવીને કે ગાયના નામે લોકોના લોહી રેડી ગૌરક્ષાનો હેતુ સિદ્ધ ન થાય : બાબા

પણજી, તા.૨૪

યોગગુરૂ બાબા રામદેવ એ રવિવારે જણાવ્યું હતું કે માત્ર ગૌરક્ષાના સૂત્રો પોકારવાથી ગૌરક્ષાના સિદ્ધાંતને હાંસલ કરવામાં મદદ નહીં મળે પરંતુ તમામ શંકરાચાર્ય અને સાધુ સંતોએ ગૌરક્ષા માટેની જવાબદારી લેવી પડશે. પણજીમાં યોગ સત્ર ન આયોજન કર્યા પછી પત્રકારો સાથે વાતચીત કરતા ગૌરક્ષા માટેના પ્રયાસો પૂરી નિષ્ઠા સાથે અને પૂરી પ્રમાણિકતા સાથે કરવા જોઈએ.



તેમણે કહ્યું હતું કે માત્ર પરિષદો બોલાવીને કે સૂત્રોપો કરીને કે ગાયના નામે કોઈનું લોહી રેડીને ગૌરક્ષા નો હેતુ સિદ્ધ કરી શકાય તેમ નથી. આજે અમારું સંગઠન પતંજલિ એક લાખ ગાયોનું જતન અને રક્ષણ કરે છે અને આવી જ રીતે તમામ શંકરાચાર્યોને પણ ગાય માતાના રક્ષણની જવાબદારી લેવા દો. શું માત્ર પીએમ નરેન્દ્ર મોદી ને વો ખોદવાથી કે ટીકા કરવાથી ગાયનું રક્ષણ થશે ખરું?

યોગગુરૂએ આગળ જણાવ્યું હતું કે આરોગ્ય તથા સારી સારવાર અને તંદુરસ્તી માટે તેમજ આધ્યાત્મિક પ્રવાસન માટે લોકોને વધુને વધુ સંખ્યામાં ગોવા લાવવાના પ્રયાસો થવા જોઈએ અને એ થઈ રહ્યા છે. ગોવા એક અત્યંત રમણીય સુંદર તથા અત્યંત આધ્યાત્મિક જગ્યા છે અને લોકોએ તેમની તંદુરસ્તી જાળવી રાખવા માટે જરૂર અહીં આવવું જોઈએ. ગોવામાં જ પતંજલિ નું સૌથી મોટું વેલનેસ કેન્દ્ર રાજ્ય સરકારની મદદથી ઊભું કરવામાં આવશે. જેથી કરીને લોકો સ્વચિકિત્સા માટે અહીં આવી શકે અને પોતાના અંતર મનની ખોજ પણ કરી શકે.

# ઓપરેશન સિંદૂર સિવાય કોઈ મુદ્દે કોંગ્રેસ સાથે મતભેદ નથી: થરૂર

## માફી નહીં માંગુ: પક્ષની મર્યાદા ઓળંગી નથી : શશી થરૂરનું મોટું નિવેદન

નવીદિલ્હી, તા. ૨૪

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ શશી થરૂર છેલ્લા કેટલાક સમયથી પક્ષમાં પોતાની સ્થિતિ અને વૈચારિક મતભેદોને લઈ ચર્ચામાં છે. ઘણી વખત મોદી સરકારના વખાણ કરવા બદલ પક્ષ તેમનાથી નારાજ હોવાની અને બેઠકોમાં તેમને નજરઅંદાજ કરવામાં આવતા હોવાની વાતો વહેતી થઈ હતી. આ તમામ અટકળો વચ્ચે હવે શશી થરૂરે મૌન તોડતાં સ્પષ્ટ કરી દીધું છે કે તેમણે ક્યારેય પક્ષની મર્યાદા ઓળંગી નથી.




કોઝિકોડમાં આયોજિત કેરળ લિટરેચર ફેસ્ટિવલ દરમિયાન પત્રકારો અને દર્શકો સાથે વાત કરતાં થરૂરે જણાવ્યું હતું કે, 'મેં સંસદમાં કોઈ પણ તબક્કે કોંગ્રેસના વલણનો વિરોધ કર્યો નથી કે પક્ષની 'લક્ષ્મણ રેખા' પણ ઓળંગી નથી.' તેમણે ભારપૂર્વક કહ્યું કે તેઓ પક્ષના શિસ્તબદ્ધ કાર્યકર છે અને સંસદીય કામગીરીમાં હંમેશા કોંગ્રેસની નીતિ મુજબ જ ચાલ્યા છે.

પોતાના નિવેદનમાં થરૂરે 'ઓપરેશન સિંદૂર'નો ઉલ્લેખ કરતાં સ્વીકાર્યું હતું કે, આ એકમાત્ર એવો મુદ્દો હતો જેના પર તેમણે સૈદ્ધાંતિક રીતે જાહેર અસંમતિ દર્શાવી હતી. પહલગામ હુમલાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, 'એક લેખક તરીકે મેં તે સમયે આકરા લશ્કરી પ્રતિસાદની હિમાયત કરી હતી. તે મારું મજબૂત વલણ હતું અને તેના માટે હું કોઈ માફી માંગવા તૈયાર નથી.' થરૂરે ભારપૂર્વક કહ્યું કે, ભારતનું મુખ્ય લક્ષ્ય વિકાસ હોવું જોઈએ અને દેશે પાકિસ્તાન સાથેના લાંબા સંઘર્ષમાં ફસાવું ન જોઈએ; લશ્કરી કાર્યવાહી માત્ર આતંકવાદી શિબિરો સુધી જ મર્યાદિત હોવી જોઈએ.

થરૂરે જવાહરલાલ નેહરુના પ્રખ્યાત વિધાન 'જો ભારત મરી જશે, તો કોણ જીવશે?'ને યાદ કરતાં કહ્યું કે જ્યારે દેશની સુરક્ષા અને વૈશ્વિક પ્રતિષ્ઠાનો સવાલ હોય ત્યારે ભારત સૌથી પહેલા આવે છે. તેમણે સ્વીકાર્યું કે રાજકીય પક્ષો વચ્ચે વૈચારિક મતભેદો હોઈ શકે છે, પરંતુ રાષ્ટ્રીય હિતના મામલે માત્ર ભારતની જ જીત થવી જોઈએ.

### બેઠકમાં ગેરહાજરીનું કારણ

આ ઉપરાંત દિલ્હીમાં પક્ષની મહત્ત્વની બેઠકમાં ગેરહાજર રહેવા અંગે ચાલી રહેલી અટકળો પર વિરામ મૂકતાં થરૂરે કહ્યું કે, 'મેં આ અંગે પાર્ટી નેતૃત્વને પહેલેથી જ જાણ કરી દીધી હતી. દિલ્હીથી કોઝિકોડના કાર્યક્રમમાં પરત આવવું વ્યવહારિક રીતે શક્ય નહોતું, તેથી હું બેઠકમાં જોડાઈ શક્યો નહતો. તેમજ પક્ષના આંતરિક મામલે હું જાહેર પ્લેટફોર્મ પર ચર્ચા કરવા માંગતો નથી, પરંતુ મારું વલણ હંમેશા રાષ્ટ્રહિતમાં રહ્યું છે.'

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# પ્રાસંગિક

## ૨૦૨૬ ની ૨૬ જાન્યુઆરી એ સંવિધાનને ફરીથી યાદ કરીને, ભારતનાં સાચાં નાગરિક બનીએ



૨૬ જાન્યુઆરી ૨૦૨૬ એટલે કે આપણું પ્રજાસત્તાક પર્વ, એ રાષ્ટ્રીય તહેવાર છે, ગયાં વર્ષેની ૨૬ જાન્યુઆરી જર્મનીમાં હતી, અને ત્યાં રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું! એ રાષ્ટ્ર પ્રેમની અનૂભૂતિ આલ્હાદક હતી, અને દેશનાં વિકાસની વાતો પણ કરી હતી આઝાદીના ૭૭ વર્ષ પૂર્ણ થયાં અને આપણે એ નિમિત્તે સુવર્ણ મહોત્સવ મનાવી ચૂક્યા. ખરેખર એક રીતે જોઈએ તો વિજ્ઞાનની રીતે ટેકનોલોજીની તમામ સુવિધાઓ પૂરી પાડતો વિકાસ થયો છે, અને વિકાસશીલ દેશોમાં ભારતનું નામ મોખરે છે. અમુક ગણ્યાં ગાંઠ્યા વિશ્વ પ્રસિદ્ધ લોકપ્રિય વ્યક્તિત્વોને કારણે એક ખૂણામાં પોતાની રીતે જીવતા દેશ સામે કોઈનું ધ્યાન પણ નહોતું, જ્યારે આજે બધાનું ધ્યાન ભારત પર કેન્દ્રિત થયું હોય એટલી ખ્યાતિ પામ્યો છે, અને એમાં પણ ઈસરોએ વજનદાર સેટેલાઈટ છોડીને ભારતની અવકાશી ક્ષમતાનો પરિચય કરાવ્યો, તેમજ ઓપરેશન સિંદુર દ્વારા આપણી ડિફેન્સ સીસ્ટમનો પરિચય કરાવ્યો. આ ઉપરાંત આર્યુવેદ અને યોગ તેમજ ધ્યાન જેવી હિન્દુ સનાતની સંસ્કૃતિના પ્રચારક પરિબળોનો ફાળો પણ ઘણો. હિન્દુ સનાતનીઓ જો એક થાય તો શું નું શું કરી શકે! પરંતુ રાષ્ટ્ર પ્રેમ માટે આપણે હજી થોડા કાચા છીએ ! ભારતની આબાદી પ્રમાણે દરેકે દરેક નાગરિક પોતાના દેશ માટે અપ્રિતમ રાષ્ટ્રપ્રેમ દેખાડે, અને તેની ગરિમા ઉંચી લાવવા માટે કમર કસે તો પરિણામ હજી કંઈક જુદુ હોય! અને હવે આવશે એવાં સુકન પણ થઈ ગયા છે, જોકે દરેકે દરેક જણાનાં પ્રયત્નથી જ થશે, એ પણ સત્ય છે.આપણે ત્યાં ગણીને ત્રણ ચાર રાષ્ટ્રીય તહેવાર ઉજવવામાં આવે છે, એક ૧૫ ઓગસ્ટ કે જે દિવસે બ્રિટિશ હુકુમતથી દેશ આઝાદ થયો, ૨૬ જાન્યુઆરી કે જે દિવસે ડોક્ટર બાબા આંબેડકર એ સૌ પ્રથમવાર ભારતનું સંવિધાન રજુ કર્યું, અને એ રીતે ૨૬ જાન્યુઆરીને આપણે પ્રજાસત્તાક દિવસ તરીકે ઉજવીએ છીએ. ભારતના બંધારણથી એ સાબિત થાય છે કે, અહીં પ્રજાની સત્તાને જ સર્વોપરી માનવામાં આવી છે માટે એને પ્રજાસત્તાક દિન કહેવામાં આવે છે.

આજકાલ પોતે બધું જ જાણે છે અને એક સાચો નાગરિક છે એમ દેખાડો થાય છે, પણ હકીકતમાં આપણે સાચા નાગરિકની ફરજ બજાવી હોત તો, ભારતીય સમાજનો સર્વાંગી વિકાસ ક્યારનોય થઈ ગયો હોય. પણ એવું નથી થયું માટે કયા ભૂલ થઈ એ જોવું રહ્યું. ૧૯૫૦ ની ૨૬ જાન્યુઆરીએ જે સંવિધાન રજુ થયું હતું, એ મુજબ શું દરેક ભારતીય જીવે છે? એમને પોતાનું સંવિધાન યાદ છે! કે માત્ર સ્કૂલ કોલેજ પૂરતું જ યાદ હતું? કે પછી બોલવા ખાતર જ બોલી લીધું હતું? આજે આ બધું યાદ કરવું પડશે! કારણ કે ફરી ભારત ગુલામીના સંકજામાં ઝકડાવા જઈ રહ્યો છે! એટલે કે આજે અન્ય કોઈ હકુમતથી નહી માનવીએ પોતાની ગુલામી સ્વીકારી લીધી છે! અને જાતનો ગુલામ બનતો જાય છે. ધીરે ધીરે એટલી હદે તે દેહની આળ પંપાળ કરવા લાગ્યો છે, અને જરૂરિયાતો વધારતો જાય છે, જે આવતીકાલે ખતરો બની શકે! અને ભારતે એક બિનસાંપ્રદાયિક દેશ હોવાથી અહીં અન્ય ધર્મ પોતાનું સામ્રાજ્ય વધારવા માટે કમર કસી હોય, તેમ બધી રીતે એટલે કે વસ્તીની રીતે અને ઉચ્ચ પદવી હાંસલ કરતાં જાય છે, અહીં એજ્યુકેશન પણ તે પોતાની કોમનું વર્ચસ્વ વધે એ માટે લેતા થયા છે. જયારે હિન્દુ ભારતીય પોતાની સુખ-સુવિધાના દાયરાઓ વધારતા જાય છે, પોપ્યુલેશનની દ્રષ્ટિએ આપણે લોકો કદાચ લઘુમતીની સંખ્યામાં આવી શકીએ! એ રીતે બહુ બધા ષડયંત્ર રચાય છે. તો આજે આપણે આપણા સંવિધાનને ફરીથી થોડું યાદ કરી લઈએ, અને એ મુજબ જીવીને રાષ્ટ્ર પ્રેમ વધારી આપણાં દેશની ગરિમા વધે એવું કંઈક કરીએ.

ભારત મારો દેશ છે.
બધા ભારતીયો મારા ભાઈ બહેનો છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારા માતાપિતા શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર
રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમના કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

ટૂંકમાં કહીએ તો ભારત મારો દેશ છે, અને ભારતીય હોવાનું મને સદા ગૌરવ છે, હું મારા દેશને ચાહું છું. ભારતમાં વસતા દરેક મારા ભાઇ-બહેન છે, વગેરે વગેરે વાકયોથી આ પૃષ્ઠ ભૂમિ તૈયાર થતી, અને આપણે બધા એ બોલતા. આ જ રીતે કોઈ ને વિશેષ સ્નાતકની પદવી મળે, એટલે કે ડોક્ટર કે વકીલને નું પ્રમાણપત્ર આપતાં પહેલા આ રીતે શપથ વિધિ થાય છે, આપણે જાણીએ છીએ તેમ મંત્રીઓને પણ શપથ વિધિ કરવી પડે છે. ન્યાય માટે કોર્ટમાં પણ ગીતા પર હાથ રાખીને બોલવામાં આવે છે, તો આ બધું શું છે! આ બધું સંવિધાન પૂર્વક આપણે જીવવું એવો નિર્દેશ કરે છે, અને ક્યારેય ન ભૂલી જઈએ એ માટે શપથ લેવડાવવામાં આવે છે. પરંતુ શું આપણને આ બધું આજે પણ એટલું જ યાદ છે?? જીવનનાં વ્યવહારમાં શું આપણે આ વાતો યાદ રાખીને જીવીએ છીએ? શું દેશ પ્રેમ દેખાડવાના સોંગ બે ચાર દિવસ જ હોય? શું આપણાથી ભારતીય સંસ્કૃતિનું સાચું જતન થયું છે? શું બ્રિટિશરોના હાથમાંથી આપણા દેશને સ્વતંત્ર કરનારા એ સ્વતંત્ર સેનાનીઓ ના બલિદાન આપણને યાદ છે?? કે પછી તેમની જન્મતિથિ અને મરણ તિથિ એ માત્ર તેમના પૂતળાં પર હાર પહેરાવી અને આપણે માત્ર દંભ કરી રહ્યા છીએ? સમાજમાં શાંતિ અને અંદરો અંદર પ્રેમ બની રહે તેની માટે આપણાથી શું કંઈ પણ કાર્ય થયું છે?? દર વખતે રાજકીય નેતાઓ પર આંગળી ચીંધી છે, પણ મારા દ્વારા દેશના વિકાસ શું ફાળો રહ્યો? કે પછી કેટલું પતન થયું! એ વિશે ક્યારેય વિચાર્યું છે? આવા તો અઢળક પ્રશ્નો માનસમાં ઉભરાવા જોઈએ, અને કદાચ દરેકને થતાં પણ હશે. પરંતુ એ બધું ભૂલી ને વળી પાછું હું ને મારું બસ આ બે જ આસપાસ આપણું જીવન કેન્દ્રિત રહે છે, અને એટલે જ કદાચ આજે આપણા દેશની આ હાલત જોઈએ તેટલી સુધરી નથી.

તો આપણે સૌ આજે આ રાષ્ટ્રીય તહેવાર ની ઉજવણી સાચા ભારતિય બની કરીએ.જેમ રાષ્ટ્ર માટે સંવિધાન બન્યું છે,એ જ રીતે આપણી માટે પણ હોવું જોઈએ, અને આપણાથી રાષ્ટ્રનું મુલ્ય વધે એ રીતે એક સંવિધાન બનાવીએ,કે ભારત મારો દેશ છે, અને ભારતીય હોવાને નાતે મારે સત્ય, નિષ્ઠા, ઈમાનદારી, પ્રમાણિકતા,તેમજ અંદરોઅંદર પ્રેમની ભાવના વધારે એવું જીવન જીવવું જોઈએ, અને હું આજથી એવું જીવન જીવવાના શપથ લઉં છું.તેમજ વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ ને મારાથી બટ્ટો લાગે એવું કોઈ પગલું હું નહીં ભરું. વિશ્વમાં આપણા દેશની સંસ્કૃતિ ઉતરોતર ઉજાગર થતી રહે, અને એ માટે આપણાથી બનતા દરેક પ્રયત્નો આપણે સૌ કરી શકીએ, અને આવી જાગૃતિના દેશપ્રેમ થકી આવતીકાલે ભારત વિશ્વમાં મહાસત્તા બને, અને એના પાયામાં સંવેદનશીલ વિજ્ઞાન વિકાસ હોય! આવો સંકલ્પ દરેક ભારતીય કરે તો ભારત હજી વધુ સક્ષમ બને, એ વાતમાં કોઈ બેમત નથી. હું એક ભારતીય છું અને મારા દેશની સંસ્કૃતિની અસ્મિતા મારાથી વધશે પણ ઘટશે નહીં, એવું મા ભારતી ને મારું વચન છે! જય હિન્દ. બસ આ રીતે આપણે સૌ આપણા રાષ્ટ્રધ્વજને સલામી આપી અને શપથ લઈએ. જય હિન્દ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### અત્યંત જરૂર ન હોય તો વ્યાજે નાણા લેવાનું ટાળો: એક લાલબત્તી સમાન કિસ્સો

# વ્યાજખોર ટોળકીએ રિવોલ્વરની અણીએ કરાવ્યું સાટાખત

## બેડી ચોકડીએ રહેતાં યુવાને મિત્રના મિત્ર પાસેથી ત્રણ લાખ વ્યાજે લીધા તેમાંથી વીસ ટકા લેખે સાંઇઠ હજાર કાપીને દીધા: પછી માથે એક લાખ લીધા, કાર-બે ચેક રાખી લીધા: આમ છતાં વધુ વ્યાજ, મુદ્દલ માંગી મારકુટ-ધમકી: અપહરણ કરી ફ્લેટનું સાટાખત કરાવી લીધું: તાલુકા પોલીસે દાખલ કરી ફરિયાદ

રાજકોટ, તા.૨૪

વ્યાજંકવાદને ડામવા માટે પોલીસ અને સરકાર સમયાંતરે લોકદરબાર સહિતની ઝુંબેશ શરૂ કરી વ્યાજખોરોને જેલમાં ધકેલી દે છે. આમ છતાં આવા બનાવો અટકતા નથી. રાજકોટમાં એક યુવાને મિત્રના મિત્ર પાસેથી ધંધાના કામ માટે પોતાની કાર ગીરવે મુકી, જામીનગીરી પેટે બે ચેક આપી ત્રણ લાખ લીધા બાદ તેમાંથી તેને રકમ કાપીને અપાયા પછી તેણે એક લાખ ચુકવી દીધા છતાં વધુ ને વધુ વ્યાજ મુદ્દલ માંગી વ્યાજે આપનારા ગેરેજ સંચાલકે આ યુવાનને ગેરેજ ખાતે બોલાવી મારકુટ કરતાં અને તેના પિતાએ તેનું અપહરણ કરી વકિલ પાસે લઇ જઇ ફ્લેટનું સાટાખત બળજબરીથી કરાવી લેતાં તેમજ એક શખ્સે લમણે રિવોલ્વર તાંકી ધમકી આપતાં બાપ-બેટા સહિત સાત જણા સામે પોલીસે કાર્યવાહી કરી છે.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં તાલુકા પોલીસે બેડી ચોકડી નજીક સેટેલાઇટ ચોક આરાધના એપાર્ટમેન્ટ બ્લોક નં. ૩૮ ખાતે રહેતાં અને મજુરી કરી ગુજરાન ચલાવતાં અઠ્ઠાવીસ વર્ષના ધર્મેશ પ્રકાશભાઇ સિધ્ધપુરાની ફરિયાદ પરથી ગેરેજ સંચાલક પ્રશાંત શૈલેષભાઇ તરાવીયા, તેના પિતા શૈલેષભાઇ તરાવીયા, કરણ પેથાણી, યશ લીંબાસીયા, સાહિલ ગાજીપરા, પ્રભાત આહિર, યશ ખુંટ અને તપાસમાં ખુલે તેની સામે ગુનો દાખલ કર્યો હતો. ધર્મેશે ફરિયાદમાં જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું. હું પહેલા સ્પીડવેલ ચોક પાસે રહેતો હતો અને મારા મીત્ર રાજ તથા તેના મીત્ર એમ બધાએ ભાગીદારીમાં બાપા સીતારામ ચોક નજીક મીસ્ટર મેક ડ્રાઈવ નામથી ગેરેજ ચાલુ કરેલ હોય ત્યા મારી ટાટા કંપનીની ઝેસ્ટ કાર નં. જીજે૨૭એએચ-૧૮૮૮ને વોશ કરાવવા અવાર-નવાર જતો હતો. આથી ત્યાં ગેરેજ ચલાવતા પ્રશાંત તરાવિયા સાથે મીત્રતા થઇ હતી.

બાદ મારો મીત્ર રાજ ભાગીદારીમાથી નીકળી ગયો હતો. આ પછી પણ હું અવાર નવાર ગેરેજ ખાતે કાર રીપેરીંગ તેમજ વોશ કરાવવા માટે જતો હતો. જેથી પ્રશાંત તરાવિયા સાથે ગાઢ મીત્રતા થઇ હતી. આજથી બે મહીના પહેલા હું પ્રશાંતના ગેરેજ ખાતે ગયો ત્યારે મેં તેને ધંધાના કામ બાબતે રૂ-૩,૦૦,૦૦૦ની જરૂરીયાત હોવાની વાતચીત કરતાં તેણે કહેલું ક-હું વ્યાજે રૂપીયા આપુ પરંતુ તારે કોઇ વસ્તુ જામીનગીરી તરીકે આપવી પડે તેમ વાત કરી હતી. જેથી મેં કહેલુ ં કે મારી પાસે ગાડી છે જે હું તમોને ગીરેવે આપુ અને ચેક આપુ તમે મને થોડા દીવસ માટે રૂપીયા આપો તેમ વાત કરેલ. જેથી મને પ્રશાંતે હા પાડી હતી અને સાંજે ફોન કરી રૂપીયાની વ્યવસ્થા થઇ ગયેલ છે ગેરેજ આવી લઇ જાવ અને ગાડી ચેક આપી જાવ તેમ કહેતાં હું મારી કાર લઇને ગયો હતો. પ્રશાંતની સાથે તે વખતે ગેરેજ ખાતે કામ કરતો યશ લીં બાસીયા, કરણ પથાણી પણ હતાં. મને તેણે રૂા. ૨,૪૦,૦૦૦ રોકડા આપેલ જેથી મે કહેલ કે આપણે રૂા. ૩,૦૦,૦૦૦ની વાત થયેલ હતી. જેથી તેઓએ કહેલ કે હુ તમો ઓછા વ્યાજે રૂપીયા આપુ છુ જે ૫ ટકા લેખે વ્યાજના રૂ. ૧૫,૦૦૦ એડવાન્સમાં કાપી લીધા છે.

તેમજ બાકીના રૂા. ૪૫,૦૦૦ બે ત્રણ દીવસમા પુરા કરી દઇશ તેમ કહેતાં મેં રૂ.



૨,૪૦,૦૦૦ રોકડા મારી કાર અને બે ચેક જામીનગીરી તરીકે પ્રશાંતને આપી દીધા હતાં. બાદ તા.૧૮/૧૧/૨૦૨૫ના રોજ એક મહીનો પુરો થતા મને પ્રશાંતનો ફોન આવેલ અને રૂપીયા પહોચાડો તેમ કહેતાં મેં તેને બાકી રૂપિયા તો આપો તેવુ જણાવતાં તેણે કહેલુ ં કે-રૂા. ૬૦,૦૦૦ વ્યાજના જેતે વખતે ૨૦ ટકા લેખે કાપેલ હતા અને મહીનો પુરો થઇ ગયો હવે વ્યાજના રૂપીયા પહોંચાડો. જેથી મે ક હેલ કે આપડે પાંચ ટકા વ્યાજની વાતચીત થયેલ હતી એટલુ બધુ વ્યાજતો હુ ના દઈ શકુ. આથી પ્રશાંતે તમે ગમે તેમ કરો વ્યાજ દેવુ જ પડશે તેમ વાત કરી ફોન કાપી નાખેલ હતો. બાદ દરરોજ પ્રશાંતે મને ફોન કરી વ્યાજ સહીતની રકમ પહોચાડવા કહેતો હતો.

આ પછી મેં તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ પ્રશાં તના ખાતમાં ૧,૦૦,૦૦૦ ઓનલાઇન ગૂગલ પે દ્રારા ટ્રાન્સફર કર્યા હતાંઉ આ પછી પણ તે વારંવાર ફોન કરી મુદ્દલ અને વ્યાજ ચુકવવા દબાણ કરતો હતો. પણ મારી પાસે રકમ ન હોઇ હું વાયદા આપતો હતો. બાદ તા. ૦૬/૧૨/૨૦૨૫ના રોજ હુ સહકાર મેઇન રોડ શ્રીનગર મેઇન રોડ વિનાયક એવન્યુ ખાતે મારા રહેણાક મકાનેથી સવારના દશેક વાગ્યે મારા પત્નિને શાપર ખાતે લેવા માટે જવાના હોઇ જેથી હુ ફલેટેથી પાર્કીંગ એરીયામાં મારા બાઇક પાસે આવતા ત્યાં પ્રશાંતના ગેરેજે કામ કરતા યશ લીં બાસીયા તથા કરણ પેથાણી ઉભા હતાં. આ બંનેએ કહેલું કે પ્રશાંતના પિતા ગેરેજે બોલાવે છે થોડુ કામ છે રૂપીયા બાબતે વાતચીત કરવી છે.

જેથી મે કહેલ કે મારે મારા પત્નિને તેડવા શાપર જવાનુ છે. જેથી યશએ પ્રશાંતને ફોન કરેલ અને મને વાતચીત કરાવતા પ્રશાંતે મને કહેલ કે મારા પિતા ગેરેજે બેઠા છે રૂપીયા તું ક્યારે આપવાનો છે તે બાબત રૂબરૂ ચર્ચા કરવી છે જેથી તારે આવવું પડશે. જેથી મેં પત્નિને તેડીને પછી આવીશ તેમ કહેતાં પ્રશાંતે અત્યારે જ ગેરેજ આવ પછી જ્યાં જવું હોય ત્યાં જજે તેમ કહી ફોન કાપી નાખ્યો હતો. આથી હું યશ અને કરણ સાથે ગેરેજ ખાતે જતાં ત્યાં પ્રશાંતે ફોન કરી તેના પિતા શૈલેષભાઇને બોલાવ્યા હતાં. આ પછી આ બંને પિતા-પુત્રએ કહેલુ કે રૂપિયા દેવામાં આટલો બધો સમય ન ચાલે. મેં હાલ વ્યવસ્થા નથી તેમ કહેતાં શૈલેષભાઇએ કહેલું કે-તારા ફ્લેટનું સાટાખત કરી આપ, બાદ તારી રીતે રૂપિયા ચુકવી દેજે. જેથી મેં સાટાખત ન થાય તેમ કહેતાં તેણે સાટાખત તો કરી જ દેવુ પડશે કાં રૂપિયા અત્યારે જ દેવા પડશે તેમ કહ્યું હતુ.

આ પછી પ્રશાંત, તેના કારીગરો યશ અને કરણે મનઢી ઢકાપાટા માર્યા હતાં. પ્રશાંતના પિતા શૈલેષભાઇએ તું હાલ મારી સાથે સાટાખત કરી આપ તેમ કહી મને તેના પરાણે ધાક ધમકીથી બાઇકમાં બેસાડી મવડી ચોકડી ખાતે વકી લની ઓફીસે લઇ ગયેલ અને બળજબરીથી મારા નાગેશ્વર ખાતેના ફ્લેટનું ૩,૫૦,૦૦૦નું સાટાખત કરાવી લીધુ હતું. પછી તે મને ફરી ગેરેજ ખાતે લાવ્યા હતાં. અહિથી મેં તેને મને જવા દેવાની વાત કરતાં તેણે ના હજી તો તારુ કામ છે, તું બેસ તેમ કહ્યું હતું. આ પછી પ્રશાંતના મિત્ર સાહીલ ગાજીપરા તથા તેની સાથે પ્રભાત આહીર તથા બે અજાણ્યા માણસો બ્લેક કલરની વરના કાર લઇ આવેલ અને સાહીલ ગાજીપરાએ મને કહેલ કે રૂપીયાનું શું થયુ? જેથી મે કહેલ કે શૈલેષભાઈ સાથે વાતચીત થઇ ગયેલ છે અને લેટનુ સાટાખત થઇ ગયેલ છે. આ સાંભળતા જ સાહીલ, પ્રભાત, તેની સાથેના માણસો મને ઢીકાપાટુ મારવા લાગ્યા હતાં. થોડીવાર પછી બ્લેક કરલરની વરર્ના કાર લઇ યશ ખુંટ ગેરેજ ખાતે આવેલ બાદ યશ ખુંટે મને કહેલ કે હવે રૂપીયા મને દેવાના બીજા બધાને ભુલી જાજે.

આ કહી યશ ખુંટ, કરણ, યશ લીંબાસીયા સહિતે ફરીથી મને માર માર્યો હતો. યશ ખુંટે વરના કારમાથી રીવોલ્વર જેવુ હથીયાર કાઢી મારા માથે રાખી મને કહેલુ કે-આટલી જ વાર લાગશે. રૂપીયા દેવા જ પડશે. જેથી મે કહેલ કે લેટનુ સાટાખત થઇ ગયેલ છે તમે શૈલેષભાઈ સાથે વાતચીત કરી લ્યો. આ સાંભળી મને ફરી ગાળો દીધી હતી. આ પછી મેં આજીજી કરતાં રાતે દસેક વાગ્યે જવા દીધો હતો. જેથી હું બાઇક લઇ મારા ઘરે ગયો હતો. આ પછી અમારા સમાજના આગેવાનો સમાધાનની વાતચીત કરતા હોઇ પરંતુ મારે સમાધાન કરવુ ન હોય જેથી બધા વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. તેમ વધુમાં ધર્મેશ સિધ્ધપુરાએ જણાવતાં તાલુકા પોલીસ ઇન્સપેક્ટર ડી. એમ. હરીપરાના માર્ગદર્શનમાં રં પીએસઆઇ કે. એચ. કારણોએ કાર્યવાહી હાથ ધરી છે.

# બેંગ્લોરમાં ઝેર ગટગટાવનાર નેપાળીએ રાજકોટમાં દમ તોડ્યો

## અપમૃત્યુના ચાર બનાવો બન્યા : છ મહિનાની બાળકીનું શરદી થયા બાદ મોત: મહિલા અને આધેડના બેભાન હાલતમાં મૃત્યુ

રાજકોટ, તા. ૨૪

અપમૃત્યુના ચાર બનાવો બન્યા છે. જેમાં માધાપર ચોકડી પાસે જામનગર-મોરબી બાયપાસ પાસે હરિક્રિષ્ના એપાર્ટમેન્ટમાં રહેતાં પવન દાનીસિંગ નેપાળી નામના અઢાર વર્ષના યુવાને ગત ઓગણીસમીએ બેંગ્લોર ખાતે ઝેરી દવા પી લેતાં બેભાન હાલતમાં સારવાર માટે રાજકોટ તેના મોટા ભાઇના ઘરે લાવવામાં આવ્યો હતો. અહિ તબિયત બગડતાં હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ તબિબે મૃત જાહેર કર્યો હતો. પવન બેભાન થઇ ગયાની જાણ સગા પરિવાર મારફત થતાં નેપાળી સમાજના કાર્યકર સંજયભાઇ કારકીએ ત્યાં પહોંચી ૧૦૮ બોલાવી હતી અને પવનને સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

જો કે અહિ તેને તબિબે મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો. તે બે બહેન અને ત્રણ ભાઇમાં ચોથો હતો. તેના પરિવારજનો રાજકોટ રહે છે. પોતે કેટલાક સમયથી બેંગ્લોર રહી હોટેલમાં નોકરી કરતો હતો. તેણે આ પગલુ શા માટે ભર્યુ? તે અંગે પરિવારજનો જાણતાં નથી. પોલીસે તપાસ યથાવત રાખી હતી.

બીજા બનાવમા નાના મવા આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં પરિવારની છ મહિનાની દિકરીનું શરદી થઇ ગયા બાદ મોત થયું હતું. નાના મવા આવાસમાં રહેતાં રાજશેભાઇ નિમાવતની દિકરી દેવાંશી કે જે છ મહિનાની હતી તે સવારે સાડા નવેક વાગ્યે ઘરે બેભાન થઇ જતાં ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરાઇ હતી. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ તાલુકા પોલીસને કરવામાં આવી હતી. દેવાશીને બે દિવસથી શરદી થઇ હતી અને તેની દવા પણ ગઇકાલે લીધી હતી. આજે અચાનક બેભાન થઇ ગયા બાદ દમ તોડી દીધો હતો. રાજેશભાઇ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. લગ્નના દસ વર્ષ પછી તે આ દિકરીના પિતા બન્યા હતાં. લાડકવાયીના મોતથી તેઓ શોકમાં ગરકાવ થઇ ગયા હતાં.

અન્ય બે બનાવોમાં રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાસે સોમનાથ સોસાયટીમાં રહેતાં છેતાલીસવર્ષના મનોજભાઇ કિશોરભાઇ ગોહેલ સવારે દસેક વાગ્યે ઘર નજીક તુલસી બગીચામાં બેઠા હતાં ત્યારે એકાએક ઢળી પડતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મનોજભાઇ બે ભાઇ અને બે બહેનમાં બીજા અને અપરિણીત હતાં. યુનિવર્સિટી પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

બીજા બનાવમાં વાણીયાવાડી જલારામ ચોક-૯માં રહેતાં સમતાબેન વિરેન્દ્રભાઇ પટેલ નામના પંચાવન વર્ષના પ્રૌઢ સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેમને બ્રેઇન હેમરેજ થયું હોઇ દોઢેક વર્ષથી પથારીવશ હતાં. પતિને ભાગીદારીમાં કારખાનુ છે. બનાવ અંગે ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી.

### અમુક એવા હોય જે મોજશોખ પુરા કરવા દેવસ્થાનોને પણ ન છોડે!

# મંદિરમાંથી ૧૨ લાખના દાગીના વેચે તે પહેલા ચોર ઝબ્બે

## ઉપલેટાની ઘટનામાં પોલીસે ભેદ ઉકેલ્યો: તમામ મુદ્દામાલ અને ચોરીમાં ઉપયોગમાં લેવાયેલી કાર કબ્જે

રાજકોટ, તા. ૨૪

અમુક તસ્કરો એવા હોય છે જે પોતાના મોજશોખ પુરા કરવા માટે દેવસ્થાનોને પણ છોડતા નથી. આવી જ એક ઘટના ઉપલેટામાં આવેલા સુવા પ્લોટ વિસ્તારમાં બની હતી. અહિ સુવા પરિવારના કુળદેવી શ્રી પીઠડ માતાજીના મંદિરમાં તસ્કરોએ મુખ્ય દરવાજા અને ગર્ભગૃહના તાળા તોડી આશરે રૂા.૧૧,૮૦,૦૦૦ની કિંમતના માતાજીના સોનાના ઘરેણાંની ચોરી થતાં ચકચાર મચી ગઇ હતી. આ ચોરીનો ભેદ ઉપલેટા પોલીસે ઉપલેટાના જ શખ્સને દબોચ્યો છે. કાર લઇને આ શખ્સ ચોરી કરવા આવ્યો હોઇ લાખેણી કાર પણ પોલીસે દાગીનાઓની સાથે કબ્જે કરી હતી.

વિગતો જોઇએ તો આ ચોરીના આ બનાવમાં મંદિરના વહીવટકર્તા દેવેનભાઈ સોમાતભાઈ સુવા





દ્વારા ઉપલેટા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી હતી. જેમાં જણાવાયું હતુ કે તા. ૨૧ના રાતના દસથી તા. ૨૨ના સવારના છ સુધીમાં ચોરી થઇ હતી. તેઓ મંદિરે આરતી કરવા ગયા ત્યારે મુખ્ય દરવાજા અને ગર્ભગૃહના તાળા તુટેલા જણાયા હતાં. તસ્કરો માતાજીની મૂર્તિ પરથી નીચે મુજબના સોનાના આભૂષણોની ચોરી કરી ગયા હતાં. સોનાનું છતર આશરે પાંચ તોલા કિંમત ૬,૫૦,૦૦૦, સોનાનું ડોકિયું-હાર આશરે બે તોલા કિંમત ૨,૬૦,૦૦૦, સોનાની પાંદડીઓ બે તોલા કિંમત ૨,૬૦,૦૦૦ અને સોનાની નથણી કિંમત ૧૦,૦૦૦ મળી કુલ ચોરીં આશરે ૧૧,૮૦,૦૦૦ની ચોરી થઇ હતી. મંદિરમાં ચોરી થયાની જાણ થતા જ સુવા પરિવારના સભ્યો અને આગેવાનો એકઠા થયા હતા.

ચોરી થઇ એ દિવસેમાતાજીનો પ્રાગટય દિવસ હોવાથી તેની તૈયારીઓમાં વ્યસ્ત હોવાને કારણે ફરિયાદ નોંધાવવામાં થોડો વિલંબ થયો હોવાનું જણાવાયું હતું. ઉપલેટા પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. દરમિયાન ઉપલેટા પોલીસ મથકના હેડકોન્સ. કૌશિકભાઇ જોષીની બાતમી પરથી ખાખીજાળીયા રોડ પર રઘુવંશી સોસાયટીમાં રહેતાં ચંદ્રેશ ગુણવંતરાય બાંભણીયાને આ ચોરીમાં ઝડપી લેવાયો છે. તેની પાસેથી સોનાનુ છતર, ડોકીયુ, કાનની પાંદડીઓ, નથણી સહિત તમામ દાગીના અને જીજે૦૩એમએલ-૪૨૮૮ નંબરની ૪ લાખની આઇ-ટેન કાર જપ્ત કરવામાં આવી છે.

આ કાર લઇને આ તે ચોરી કરવા નીકળ્યો હતો. જીલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરની સુચના અંતર્ગત ઉપલેટા પીઆઇ બી.આર. પટેલ, પીએસઆઇ એસ. પી. ભટ્ટ, એએસઆઇ ધરમચંદ કટોચ, નિલેષભાઇ ચાવડા, હેડકોન્સ. કૌશિકભાઇ જોષી, હરેશભાઇ જાંબુકીયા, કોન્સ. રઘુભાઇ ઘેડ, પ્રફુલભાઇ ભરડા અને રાહુલભાઇ વાંઝાએ આ કામગીરી કરી હતી. આ શખ્સે બીજા કોઇ ગુનાઓ આચર્યા છે કે કેમ? તેની તપાસ થઇ રહી છે.

### ધોરાજીના ચાર શખ્સોએ શરૂ કરેલા કારસ્તાનનો પોલીસે કર્યો પર્દાફાશ

# ઇન્સ્ટાગ્રામમાં ઘડીયાળના ફોટા-વિડીયો મુકી સાયબર ફ્રોડ!

## જે તે ગ્રાહક પાસેથી રૂપિયા મેળવી લીધા બાદ તેનો નંબર બ્લોક કરી દેતાં: પાર્સલ રવાના થઇ ગયું છે તેવો મેસેજ મોકલવા નકલી એપનો ઉપયોગ કરતાં

રાજકોટ, તા. ૨૪

સાયબર ફ્રોડની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. દરમિયાન રાજકોટ જીલ્લાના ધોરાજીમાં એક નવતર સાયબર ફ્રોડનો પર્દાફાશ થયો છે. જેમાં પોલીસે ઓનલાઈન છેતરપિંડી આચરતી એક ટોળકીને ઉઘાડી પાડી છે. ઈન્સ્ટાગ્રામ પર લક્ઝરી ઘડિયાળોના ફોટા-વિડીયો મુકી ગ્રાહકોને છેતરીને રૂપિયા પડાવતા ચાર શખ્સો વિરૂધ્ધ સાયબર ક્રાઈમ અને છેતરપિંડીનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ બારામાં ધોરાજી પોલીસે ધોરાજી સુધરાઇ કોલોનીમાં રહેતાં સિકંદર સલીમ શેખ, સુફીયાન સલીમ શેખ, દાણાવાલા ચોકના ઉસ્માન સલીમ કાંગડા અને અહેમદ સલીમ કાંગડા વિરૂધ્ધ ગુનો દાખલ કરી વિશેષ કાર્યવાહી કરી હતી. આ કારસ્તાન આંતરરાજ્ય હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું.

વિગતો જોઇએ તો આ કારસામા. મુખ્ય સત્રધાર ઉસ્માન સલીમ કાંગડા છેલ્લા દોઢ વર્ષથી ઈન્સ્ટાગ્રામ પર ક્રોનો૨૪૭ નામનું એકાઉન્ટ ચલાવતો હતો. આ એકાઉન્ટમાં ૧૭,૧૦૦ થી વધુ ફોલોઅર્સ બનાવી તેણે લોકોનો વિશ્વાસ જીત્યો હતો. તે મોંઘીદાટ અને બ્રાન્ડેડ ઘડિયાળોના આકર્ષક વિડીયો, ફોટાઓ મુકી ગ્રાહકોને પોતાની જાળમાં ફસાવતો હતો. ગ્રાહકો જ્યારે વોટ્સએપ બિઝનેસ નંબર ૭૦૪૩૨ ૪૨૭૪૯ પર સંપર્ક કરતા, ત્યારે તેમને એડવાન્સ પેમેન્ટ ચુકવવા કહેતો હતો. આ ટોળકી સેલોશીપ નામની એક એપ્લિકેશનનો પણ ઉપયોગ કરતી હતી. જ્યારે કોઈ ગ્રાહક નાણાં ચૂકવવામાં ખચકાટ અનુભવે, ત્યારે આરોપીઓ આ એપ



દ્વારા નકલી કુરિયર ટ્રેકિંગ આઈડી જનરેટ કરીને મોકલતા હતા.

ગ્રાહકને લાગતું કે તેમનું પાર્સલ રવાના થઈ ગયું છે, એટલે તેઓ પૂરેપૂરા નાણાં ટ્રાન્સફર કરી દેતા. નાણાં મળ્યા બાદ તુરંત જ ગ્રાહકનો નંબર બ્લોક કરી દેવામાં આવતો હતો. આ કૌભાંડમાં ઉસ્માન તેના ભાઈઓ અને મિત્રોને પણ સામેલ કર્યા હતા. પોલીસ તપાસમાં સામે આવેલા બેંક ખાતાઓની વિગતો જોઈએ તો સિકંદર સલીમ શેખ-વલસાડના ઉમરગામ પોલીસ સ્ટેશનની ફરિયાદ મુજબ તેના ખાતામાં છેતરપિંડીના નાણાં જમા થયા હતા. સુફિયાન સલીમ શેખ-તેના ખાતામાં વેસ્ટ બંગાળના દક્ષિણ દિનાજપુર સાયબર ક્રાઈમ હેઠળ નોંધાયેલી ફરિયાદના ૫૦,૦૦૦ સહિત કુલ ૫૮,૦૦૦ જમા થયા હતા. આ વ્યવસ્થા બદલ સાથીદારોને નાણાં ઉપાડી આપવા બદલ ૨૦ ટકા કમિશન મળતું હતું, જ્યારે બાકીના ૮૦ ટકા નાણાં તેઓ ઉસ્માનને રોકડા પહોંચાડતા હતા. રાજકોટ ગ્રામ્ય સાયબર સેલને સમન્વય અને એનસીસીઆરપી પોર્ટલ પરથી આ બેંક ખાતાઓ વિશે શંકાસ્પદ માહિતી મળી હતી.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની ધોરાજી અને જમનાવડ રોડ શાખાના ખાતાઓની તપાસ કરતા અને કેવાયસી વિગતો ચકાસતા આ સમગ્ર રેકેટનો પર્દાફાશ થયો હતો. પોલીસને તપાસ દરમિયાન આરોપીઓના મોબાઈલમાંથી છેતરપિંડી માટે વપરાતા ક્યુઆર કોડ અને ગ્રાહકો સાથેના ચેટિંગના પુરાવા પણ મળી આવ્યા છે. પોલીસ તપાસમાં એક ચોંકાવનારી વિગત એ બહાર આવી છે કે આ ટોળકી માત્ર છેતરપિંડી જ નહોતી કરતી પરંતુ પુરાવાનો નાશ કરવા માટે અત્યંત સાવધ રહેતી હતી. મુખ્ય સૂત્રધાર ઉસ્માન કાંગડા ગ્રાહકોને સીધા પોતાના ખાતામાં નાણાં મોકલવાને બદલે તેના સહ-આરોપી ભાઈઓ અને મિત્રોના ખાતાના ક્યુઆર કોડ મોકલતો હતો.

તપાસ દરમિયાન પોલીસને આરોપીઓના મોબાઈલ ગેલેરીમાંથી અનેક ગ્રાહકો સાથેના ચેટિંગના સ્ક્રીનશોટ અને બેંક ડિટેઇલ મળી આવી છે. આરોપીઓ સાયબર ફ્રોડની રકમ બેંકમાં જમા થયાના ગણતરીના કલાકોમાં જ એટીએમ મારફતે રોકડ ઉપાડી લેતા હતા, જેથી બેંક એકાઉન્ટ ફ્રીઝ થાય તો પણ નાણાં બચાવી શકાય. આ માટે ખાતાધારકોને ફિક્સ વીસ ટકા કમિશન આપી ગુનામાં ભાગીદાર બનાવવામાં આવતા હતા. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ ટોળકીએ રાજ્ય બહાર અન્ય કેટલા લોકોના ખાતાનો ભાડેથી ઉપયોગ કર્યો છે. પોલીસ ઇન્સ. કે. એચ. ગરચર અને ટીમે આ તમામની ધરપકડ કરવા અને વધુ વિગતો ઓકાવવા તપાસ શરૂ કરી છે.

### ઓનલાઇન ગઠીયાગીરી અટકવાનું નામ નથી લેતીઃ વધુ એક ડીજીટલ એરેસ્ટ

# ATSના નામે ધમકાવી વૃધ્ધના નાણા ખંખેર્યા!

## આતંકવાદીઓએ તમારા બેંક એકાઉન્ટનો ઉપયોગ કરી એંસી લાખના ટ્રાન્જેક્શન કર્યા છે કહી છેતર્યાઃ બીજા બનાવમાં બ્રોકરે કાર વેંચવાના નામે મહિલા પાસેથી બે લાખ પડાવી લીધા

રાજકોટ, તા. ૨૪
ઓનલાઇન ગઠીયાઓ અલગ અલગ રીતે લોકોને છેતરતા હોય છે. ડીજીટલ એરેસ્ટનો વધુ એક બનાવ સામે આવ્યો છે જેમાં સાયબર ગઠીયાઓએ વૃધ્ધને તમારી દિલ્હી બ્લાસ્ટમાં સંડોવણી છે, તમારા બેંક એકાઉન્ટમાં આતંકીઓએ એંસી લાખના વ્યવહારો કર્યા છે તેમ કહી વિડીયો કોલ કરી ડરાવી ધમકાવી રૂપિયા કટકટાવી લીધા હતાં. આ રૂપિયા તપાસ બાદ પાછા મળી જશે તેવુ કહી ગઠીયાઓએ રૂપિયાની રસીદ પણ મોકલી હતી.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ કૃષ્ણનગર વિસ્તારમાં નિકોલ ખાતે રહેતા વૃદ્ધ સાથે ડિઝિટલ એરેસ્ટનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યા છે. જેમાં ખાસ કરીને સાયબર ગઠિયાએ ફોન કરીને પોતે એટીએસનો એસપી હોવાનું જણાવીને તમે દિલ્હી બોમ્બ બ્લાસ્ટ કેસમાં તમારા મોબાઇલનો ઉપયોગ થયો છે કહીને ડરાવી ધમકાવીને રૂપિયા નવ્વાણુ હજાર પડાવ્યા હતા. દિલ્હી હાઇકોર્ટ ન આવવું હોય તો રૂપિયા ટ્રાન્સફર કરો કહીને રૂપિયા મેળવ્યા હતા. આ બનાવ અંગે કૃષ્ણનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. નિકોલ-નરોડા રોડ પરની સોસાયટીમાં રહેતા વૃદ્ધે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી છે કે તેમને અજાણ્યા નંબર પરથી તેમને ફોન આવ્યો હતો.

ફોન કરનારે પોતે એટીએસ એસપીની આપીને દિલ્હી બ્લાસ્ટમાં અલગ અલગ સીમકાર્ડ, પાસબુક મળી આવી છે. જેમાં તમારો નંબર દિલ્હી બ્લાસ્ટ કેસમાં ઉપયોગ થયો છે. તેમજ તમારા બેન્ક એકાઉન્ટમાં આતંકવાદીઓએ રૂપિયા એંસી લાખ ટ્રાન્સફર કર્યા છે. ત્યારબાદ કોર્ટનો હુકમ, એરેસ્ટ વોરંટ જેવા બોગસ ડોક્યુમેન્ટ વોટ્સએપ કર્યા બાદ વૃદ્ધને વિડીયો કોલ કર્યો તેમાં વર્દી પહેરેલ



શખ્સે લાલ કિલ્લા પોલીસ સ્ટેશનના પીએસઆઇની ઓળખ આપીને દિલ્હી હાઇકોર્ટમાં આવવું પડશે કહીને ઓનલાઇન નવ્વાણુ હજાર ટ્રાન્સફર કરાવ્યા હતા. આ રકમ તપાસને અંતે પાછી તમને મળશે તેવુ કહી રસીદ મોકલી હતી અને ફોન કટ કરી નાંખ્યો હતો. વૃધ્ધે વળતો કોલ જોડવા પ્રયાસ કર્યો હતો પણ તે શક્ય ન બનતાં ઠગાઇ થયાની ખબર પડતાં પોલીસને જાણ કરી હતી. સદ્દનસિબે અહિ ગઠીયાઓને નવ્વાણુ હજાર જ મળ્યા હતાં. મોટા ભાગના આવા કિસ્સાઓમાં ડીજીટલ એરેસ્ટ કરી મરણમુડી સમાન લાખો કરોડો ઉસેડી લેવાતા હોય છે.

ઠગાઇની બીજી ઘટના જોઇએ તો જામનગરમાં કાલાવડ નાકા બહાર રહેતા અને ઓટો બ્રોકર તરીકેની પેઢી ચલાવતા મોહમ્મદભાઈ દોસ્તમહમદભાઈ શમાએ કારના વેચાણના બહાને પોતાની પાસેથી રૂપિયા બે લાખ દસ હજારની રકમ પડાવી લઈ કાર નહીં આપી છેતરપિંડી કરવા અંગે અમદાવાદમાં જગદંબા હોમ ત્રાગડ બસ સ્ટેન્ડ પાસે રહેતી બીનીતાબેન ગોવિંદભાઈ પટેલ નામની મહિલા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી મોહમ્મદભાઈ સમા કે જેઓને કારના વેચાણ મામલે એપ્લિકેશનથી એક જાણકારી મળી હતી.

બાદમાં બીનીતાબેન પટેલ કે જેઓએ પોતાની કાર મોટી ભાણુંગાર પાસે અકસ્માત ગ્રસ્ત બની હતી, અને બોનેટમાં નુકસાન થયું છે. જે કારને હાલ જામનગરના એક ગેરેજમાં રાખવામાં આવેલી છે, તેમ જણાવે તેની સાથે વાતચીત કરી હતી, અને પાંચ લાખ દસ હજારમાં કારના વેચાણનો સોદો કર્યો હતો. જેના ટોકન સ્વરૂપે તેમજ અલગ અલગ રીતે કુલ બે લાખ દસ હજારની રકમ બીનીતાબેનના એકાઉન્ટમાં મોકલી આપી હતી, ત્યારબાદ બાકીની ત્રણ લાખના રકમ આપીને કાર લઈ જવાની વાત થઈ હતી.

પરંતુ બીનીતાબેને પોતાના પતિનું અવસાન થયું છે, તેમજ અન્ય જુદા જુદા કારણો દર્શાવી વાહનના કાગળો મોકલ્યા ન હતા, અને આખરે પોતાને કાર વેચવી નથી, તેમ જણાવી દીધું હતું. જેથી કાર બ્રોકરે પોતાની બે લાખ દસ હજારની રકમ પરત માગતાં તે નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હોવાથી આખરે મામલો સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે, અને કાર બ્રોકરની ફરિયાદના આધારે પોલીસે અમદાવાદની મહિલા બીનીતાબેન પટેલ સામે છેતરપિંડીની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે અને તપાસનો દોર અમદાવાદ સુધી લંબાવ્યો હતો.

# તમારો પુત્ર સિગારેટ પીવે છે તેમ કહેનાર પર હિચકારો હુમલો

## શાપરનો બનાવઃ યુવાનને લાફા-ઢીકાપાટા માર્યા, વચ્ચે પડેલા મામાને પણ ધોકા પડ્યાઃ એક્ટીવામાં તોડફોડ

રાજકોટ, તા.૨૪
મારામારી અને વાહનમાં તોડફોડની એક ઘટના બની છે. રાજકોટના શાપરમાં રહેતાં એક યુવાને શાંતિધામના શખ્સ પાસે થોડા દિવસ પહેલા માચીસ માંગી હોઇ આથી આ શખ્સે આ યુવાનના પિતાને 'તમારો છોકરો સિગારેટ પીવે છે' તેમ કહી દેતાં આ બાબતે તેને આ યુવાને સમજાવતાં તેને લાફો મારી પતાવી દેવાની ધમકી દઇ ધોકાથી માર મારતાં તેને બચાવવા માટે તેના મામા, મામાના મિત્ર વચ્ચે પડતાં તેના ઉપર પણ હુમલો થતાં અને એક્ટીવામાં પણ ભાંગફોડ કરવામાં આવી હતી.



વિગતો જોઇએ તો આ બનાવમાં શાપર શિવનગર-૨માં રહેતાં અને ફર્નિચરનો વેપાર કરતાં કૌશિક મુકેશભાઇ પરમાર નામના ચોવીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી લલીત નામના શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. ફરિયાદમાં કૌશિક પરમારે જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને ફર્નિચરનો વેપારી છું. વી બાવીસ દિવસ પહેલા હું અને મારા માનીતા બહેન જ્યોત્સનાબેનનો દિકરો યશ બંને એક્ટીવા જીજે૦૩પીએફ-૯૦૬૪ લઇ યશના ઘરેથી શાંતિધામમાં કેકે મેડીકલ પાસે આવેલા કારખો કામ કરતાં મારા મિત્ર સંદિપને મળવા ગયા હતાં.

એ પછી અમે ત્રણેય કેકે મડીકલ પાસે બહાર રોડ પર ઉભા હતાં. આ વખતે શાંતિધામ-૨માં રહેતલ લલીત આવતાં મારા ભાણેજ યશે તેને કહેલુ કે-બે દિવસ પહેલા મેં તમારી પાસે માચીસ બોક્સ માંગ્યુ તો તમે મારા પિતાજીને એમ શું કામ કીધું કે-તમારો યશ સીગારેટ પીવે છે. તમારી આવી વાતને કારણે અમારે ઘરમાં ઝઘડો થઇ ગયો છે. તેમ યશે કહેતાં લલીતભાઇએ ઉશ્કેરાઇ જઇ તારાથી થાય તે કરી લે તેમ કહી ઝઘડો કરી ગાળો દીધી હતી. યશે ગાળો નહિ બોલવા સમજાવતાં લલીતે આજે તો તને જીવતો નથી રહેવા દેવો તેમ કરી યશને લફો મરી લીધો હતો.

તેમજ રોડ પર લાકડાનો ધોકો પડ્યો હોઇ તે ઉપાડી યશને મારવા જતાં હું અને સંદિપ વચ્ચે પડતાં લલીતે મને અને સંદિપને પણ એક એક ઘા ફટકારી દીધા હતાં. આ પછી અમારા એક્ટીવામાં પણ તેણે ધોકાના ઘા ફટકારી ત્રીસ હજારનું નુકસાન કર્યુ હતું. ધોકાના ઘાથી ગાડીની હેડલાઈટ, સ્પીડોમીટર, હેન્ડલ અને આગળ-પાછળના ભાગે નુકસાની થઇ હતી. હેડકોન્સ. ડી. બી. વેજીયાએ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

### યુનિવર્સિટી રોડ પર મિલાપનગરમાં રહેતાં બેંક ઓફ બરોડના નિવૃત અધિકારી સાથે સાયબર ફ્રોડ

# ઓનલાઇન નિવૃતી કાર્ડ બનાવવા જતાં વૃધ્ધે ગુમાવ્યા ૧૬ લાખ

## ફેસબુક પર આવેલી લિંક પર ક્લીક કરતાં જ શિકાર બન્યાઃ વિડીયો કોલ દ્વારા સાયબર ગઠિયાઓએ વિગતો મેળવી ફોન લોક કરી નાંખ્યોઃ ફોર્મેટ કરાવી ફોન ચાલુ કર્યો ત્યાં બેંકોમાંથી ટ્રાન્જેકશન થઇ ગયાના મેસેજ આવ્યાઃ શહેર સાયબર ક્રાઇમ પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ, તા. ૨૪
સાયબર ફ્રોડની વધુ એક ઘટના બની છે. જેમાં યુનિવર્સિટી રોડ પર પદ્મનાભ ટાવર પાછળ રહેતા અને દેના બેંક કે જે હાલ બેંક ઓફ બરોડામાં મર્જ થઇ છે તેમાંથી સ્કેલ-વન ઓફિસર તરીકે નિવૃત્ત થયેલા બોંતેર વર્ષીય હસમુખભાઈ ભગવાનજીભાઈ ગણાત્રા સાથે રૂપિયા પંદર લાખ નવ્વાણુ હજારની ઓનલાઇન છેતરપિંડી થઈ છે. સાયબર ઠગ ટોળકીએ ફેસબુક પર નકલી પેજ બનાવી, બેંકના કર્મચારી તરીકે ઓળખ આપી પેન્શનર કાર્ડ બનાવવાની લાલચ આપી આ મોટી રકમ ઓળવી લીધી હતી.




વિગતો પર નજર કરીએ હસમુખભાઈ ફેસબુક પર સર્ફિંગ કરી રહ્યા હતા, ત્યારે તેમને બેંક ઓફ બરોડાના નામનું એક પેજ જોવા મળ્યું હતું. આ પેજમાં બીઓબી પેન્શન રીટાયર્ડ કાડ બનાવવાની જાહેરાત અને ફોર્મ ભરવાની લિંક હતી. હસમુખભાઈ અગાઉ દેના બેંકમાં હતા અને તેનું મર્જર બેંક ઓફ બરોડામાં થયું હોવાથી, તેમણે વિશ્વાસ રાખીને કાર્ડ માટે એપ્લાયઁ બટન પર ક્લિક કર્યું હતું. ક્લિક કર્યાના એકાદ કલાક બાદ અજાણ્યા નંબર પરથી વોટ્સએપ વિડીયો કોલ આવ્યો હતો, જેમાં માત્ર બેંકનો લોગો દેખાતો હતો. સામેવાળી વ્યક્તિએ બેંક કર્મચારી તરીકેની ઓળખ આપી કાર્ડ વેરિફિકેશનના બહાને હસમુખભાઈ પાસેથી એકાઉન્ટ નંબર, રજિસ્ટર્ડ મોબાઈલ નંબર અને સરનામું મેળવ્યું હતું.

અંદાજે અડધો કલાક ચાલેલા આ કોલ બાદ હસમુખભાઈનો ફોન અચાનક લોક થઈ ગયો હતો. સેમસંગ કેરમાં ફોન ફોર્મેટ કરાવવો પડ્યો હતો, જેના કારણે તમામ પુરાવાઓ પણ ડિલીટ થઈ ગયા હતા. સમગ્ર ઘટનામાં સાયબર ઠગોની મોડસ ઓપરેન્ડી (ગુનો કરવાની રીત) અત્યંત ભેદી રહી હતી. વિડીયો કોલ દરમિયાન હસમુખભાઈને વાતોમાં પરોવી રાખીને ઠગોએ સંભવિત રીતે તેમના મોબાઈલનો રિમોટ એક્સેસ મેળવી લીધો હતો અથવા કોઈ શંકાસ્પદ લિંક દ્વારા ફોનમાં માલવેર (વાયરસ) ઈન્સ્ટોલ કરી દીધો હતો. જેના કારણે કાર્ડ જનરેશનની પ્રક્રિયાના બહાને અડધો કલાક સુધી વૃધ્ધને વ્યસ્ત રાખ્યા અને એ જ સમયગાળામાં બેંક ખાતામાંથી લાખોની રકમ સેરવી લીધી હતી. ટ્રાન્ઝેક્શન પૂર્ણ થતા જ પુરાવા નાશ કરવાના આશયથી ગઠિયાઓએ ફોનને સોટવેર લેવલે લોક કરી દીધો હતો.

જેથી ફરિયાદી તાત્કાલિક કોઈને જાણ ન કરી શકે કે બેંક મેસેજ જોઈ ન શકે. અંતે ફોન ફોર્મેટ કરાવવાની ફરજ પડતા ઠગાઈમાં વપરાયેલા વ્હોટ્સએપ નંબર અને ચેટની વિગતો પણ ભૂંસાઈ ગઈ હતી. બીજા દિવસે જ્યારે હસમુખભાઈએ તપાસ કરી ત્યારે તેમના અને તેમના પત્નિ મીનાક્ષીબેનના બે અલગ-અલગ બેંક ખાતામાંથી કુલ રૂપિયા૧૫,૯૯,૦૦૮ ટ્રાન્સફર થઈ ગયા હોવાનું જણાયું હતું. જેમાં એક ટ્રાન્ઝેક્શન રૂપિયા ૧,૯૯,૦૦૮ અને અન્ય બે ટ્રાન્ઝેક્શન રૂપિયા ૧૦ લાખ અને રૂપિયા ૪ લાખના રેઝર-પે મારફતે થયા હતા.

આ મામલે હસમુખભાઈએ તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કોલ કરી ફરિયાદ નોંધાવી હતી. રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. બી.બી. જાડેજા સમક્ષ રૂબરૂ હાજર થઈ તેમણે પોતાની આપવીતી વર્ણવી હતી. પોલીસે ફેસબુક પેજની લિંક અને ટ્રાન્ઝેક્શન આઈડીના આધારે ગુનો નોંધી આરોપીઓને પકડવા તજવીજ હાથ ધરી છે. આવ ફ્રોડથી બચવા માટે નાગરિકોએ ફેસબુક કે સોશિયલ મીડિયા પર બેંકના નામે આવતી કોઈ પણ લિંક પર ક્લિક ન કરવું. કોઈપણ કાર્ડ કે સુવિધા માટે હંમેશા બેંકની અધિકૃત બ્રાન્ચનો સંપર્ક કરવો. વિડીયો કોલ કે ફોન પર ક્યારેય બેંકિંગ વિગતો આપવી નહીં. આ કેસની તપાસ દરમિયાન પોલીસ શરૂઆતમાં જે ખાતામાં રકમ ગઇ છે તે ખાતા ધારકને શોધશે બાદમાં આગળ કાર્યવાહી કરશે.

### લોકોની ધાર્મિક લાગણી સાથે ખીલવાડ કરી માનસિક યાતના આપી લેભાગુઓએ

# ધાર્મિક ટૂરના નામે ઓપરેટરો ખાઇ ગયા ૩૫ા લાખ

## અઠાવન લોકોએ ઉમરાહ કરવા માટે નાણા આપી દીધાઃ પણ ગઠીયાઓએ બાદમાં હાથ ઉંચા કરી દીધાઃ મધ્યસ્થી કરનારે પોતાના લાખો ખર્ચી ઓગણીસ લોકોને યાત્રાએ મોકલ્યા

રાજકોટ, તા. ૨૪
જે લોકોને ગામને છેતરીને ગજવા જ ભરવા છે એ કોઇપણ કીમીયો અજમાવી કોઇપણ હદ સુધી જઇ ગઠીયાગીરી કરી લેતા હોય છે. વધુ એક વખત હજ ઉમરાહના નામે લાખોની ઠગાઇ થઇ છે. એક ટૂર ઓપરેટર અઠાવન લોકોને ઉમરાહ કરાવવાના નામે છેતરી ગયો છે. આ લોકો સાથે આડત્રીસ લાખ પંચ્યાસી હજારની ઠગાઇ થઇ છે. અગાઉ રાજકોટ સહિત રાજ્યભરમાં આ રીતે ઉમરાહના નામે લેભાગુ ઓપરેટરો લાખોની ઠગાઇ કરી ચુક્યા છે. ત્યાં વધુ એક બનાવ સામે આવ્યો છે.

વિગતો પર નજર કરીએ તો નડીયાદના માતરના સંધાણા સહિતના પાંચ ગામના અઠાવન યાત્રિકોને ઉમરાહ કરવા લઇ જવાનું કહી ચાર ટ્રાવેલ્સ ઓપરેટરોએ રૂ ૩૫.૮૫ લાખની છેતરપિંડી આચરી હોવાની ઘટના પ્રકાશમાં આવતા પોલીસે તપાસ શરૂ કરી હતી. ભેજાબાજોએ આ ધાર્મિક ટૂર માટે મુસ્લિમ બીરાદરોને ૭૫ હજારના બદલે ૬૫ હજાર ભરવાનું કહી ૧૦ હજારના ડિસ્કાઉન્ટની લાલચ આપી હતી. માતરના સંધાણામાં રહેતા પીરૂશા દિવાનને ફરિયાદ નોંધાવી હતી કે અલ ફલાહ ટુર્સ ટ્રાવેલ્સના સંચાલક અનીશ વિરાણી,ઇત્તેફાક હુસેન સૈયદ,મહંમદ ઇમરાન વ્હોરા અને આસિફ મલેક ઉમરાહ કરવા લઇ જવા અંગેની જાહેરાત કરવા આવ્યા હતા.

જે જોઇને સંધાણા, દંતાલી, રતનપુર, ખંભાલી અને ખેડાના મળી કુલ ૫૮ યાત્રિકોએ રૂ ૩૫.૮૫ લાખ ભર્યા હતા, જ્યારે બાકીના પૈસા રોકડમાં આપ્યા હતા. સંચાલકો દ્વારા અમદાવાદ થી હવાઈ માર્ગે ઉમરાહ કરવા લઇ જવાનુ આશ્વાસન આપ્યા બાદ વિશ્વાસઘાત કર્યો હતો. આ મામલે જે તે સમયે પોલીસ મથકે અરજી આપતા ટુર સંચાલકોએ લેખિતમાં બાંહેધરી આપી ઉમરાહ કરવા લઇ જવાની ખાતરી આપી હતી. તેમ છતાં ટુર સંચાલકો ઉમરાહ કરવા ન લઈ જતાં અંતે માતર પોલીસ મથકે અનીશ અબુબકર વિરાણી, ઇત્તેફાકહુસેન કલંદરહુસેન સૈયદ, મહંમદઇમરાન મહમદયુસુફ વ્હોરા, આસીફ ઇકબાલ મલેક સામે ફરિયાદ




નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

ઉમરાહ કરવા લઇ જવા માટે લોકોને આકર્ષિત કરવા માટે ટૂર ઓપરેટરો દ્વારા ચાર માસ અગાઉ પૈસા ભરે તો તેના માટે રૂપિયા પાંસઠ હજાર અને ચાર માસ બાદ પૈસા જમા કરાવે તેના માટે રૂ ૭૫ હજાર નક્કી કરી પાંચ ગામના અઠાવન યાત્રિકો પાસેથી પૈસા લેવામાં આવ્યા હતા. આખેઆખા પરિવારના સભ્યોનું બુકિંગ લોકોએ કરાવ્યું હતું. ફરીયાદીએ વધુમાં કહ્યું મારી મધ્યસ્થી વચ્ચે ટુર સંચાલકોએ ઉમરાહ કરવાનું વચન આપ્યા બાદ લઇ ન જતાં મારી હાલત કફોડી થઈ હતી. ઉમરાહ માટે પૈસા ભરનાર લોકો મારા ઘરે આવીને ક્યારે ઉમરાહ કરાવવા લઇ જશે તેવા સવાલો પૂછતાં હોવાથી મારી માટે તેમને જવાબ આપવા ભારે પડી ગયા હતા.

ત્યારબાદ મેં તેમજ અન્ય પરિચિતોએ આ ટૂર ઓપરેટરો સાથે ઉમરાહ કરી હોવાથી વિશ્વાસ બેઠો હતો. જોકે, પૈસા ભર્યા બાદ પણ ટુર ન ઉપડતા અંતે મેં ખેડાના અલ કુબા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ થકી ૨૯ યાત્રીઓને ઉમરાહ કરાવી હતી. જેનો રૂ ૧૯ લાખ જેટલો ખર્ચ મેં ભોગવ્યો છે. મેં માતર પોલીસ મથકે અરજી કર્યા બાદ ટૂર સંચાલકો દ્વારા સમાધાનની વાત કરવામાં આવી હતી અને બાકી રહેલા યાત્રિકોને ઉમરાહ કરાવવા લઇ જવાની પણ બાંહેધરી આપવામાં આવી હતી. પરંતુ તેમ ન કરતા અંતે મેં માતર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. તેમજ મધ્યસ્થી કરનારે કહ્યું હતું. ટ્રાવેલ કંપનીની વિશ્વસનીયતા સાથે રજિસ્ટર્ડ છે કે નહીં તે તપાસો , ટૂરનો લેખિત કરાર અને પેકેજ વિગતો લો, ટૂર પેકેજની લેખિત માહિતી,ઈમેઇલ, ઇન્વોઇસ અવશ્ય લો, ચુકવણી કરતી વખતે બેંક ટ્રાન્સફર, યુપીઆઈ, કાર્ડ દ્વારા ચુકવણી કરો, રિફંડ અને કેન્સલેશન પોલિસી વાંચો, કેન્સલેશનમાં રિફંડ કેટલું મળશે અને કેટલા દિવસમાં તે લેખિતમાં લો, હોટલ અને લાઇટ બુકિંગ પોતે ચકાસો તો આવા ફ્રોડથી બચી શકાય છે.

અઠાવન યાત્રિકોએ ઉમરાહ કરવા માટે ટુર ઓપરેટરને કુલ રૂપિયા પાંત્રીસ લાખ પંચ્યાસી હજાર આપ્યા હતા. આ પૈસા યાત્રિકોએ પોતાની મરણમૂડી તો કેટલાક યાત્રિકોએ ઉછીના પાછીના કરી ટુર ઓપરેટરને આપ્યા હતા. પરંતુ ઉમરાહ તો દૂર રહી, હવે પોલીસ સ્ટેશનના ચક્કર કાપવાનો વારો આવ્યો છે. આવા કિસ્સા અગાઉ પણ રાજ્યના અલગ અલગ શહેરોમાં બની ચુક્યા છે. લોકોની ધાર્મિક લાગણી સાથે ખીલવાડ કરી તેને આર્થીક નુકસાન પહોંચાડવાની સાથે માનસીક યાતના પણ આપનારા તત્વોને પોલીસ આકરો પાઠ ભણાવે તેવી માંગણી છેતરાયેલા યાત્રીકો કરી રહ્યા છે.

### વેપારીનો જંતુનાશક દવા ભરેલો ટ્રક પકડાતાં તેણે મિત્ર મારફત સંપર્ક કર્યો અને ભોગ બન્યા

# ટ્રક છોડાવવાના નામે બોગસ પત્રકારે કર્યો વીસ લાખનો તોડ

## GST અધિકારીઓ પોતાને સારી રીતે ઓળખે છે કહી રોકડા મેળવી ચાર દિવસમાં જ ટ્રક છુટી જશે તેવી ખાત્રી આપીઃ પણ દિવસો સુધી કંઇ ન થતાં વેપારીએ નાણા પાછા માંગતા કહેવાતા મિડીયામેને દીધી ધમકીઃ પોલીસે દાખલ કરી FIR

રાજકોટ, તા. ૨૪
રાજ્યભરમાં હાલમાં શેરીએ ગલીએ મીડીયામેનો, કહેવાતા પત્રકારો ઉભા થઇ ગયા છે. સોશિયલ મિડીયામાં ફલાણા ઢીકણા અને ગમે તેવા નામો સાથે પોતાની જાતને મિડીયા સંચાલક, પત્રકાર, કેમેરામેન, ફોટોગ્રાફર બનાવીને હાલી નીકળનારાઓનો કોઇ તૂટો નથી. આવા લેભાગુઓ પ્રેસ મિડીયાના નામે ગમે ત્યાં ગમે ત્યારે લાખોના તોડપાણી કરતાં પણ અચકાતા નથી. અત્યાર સુધીમાં આવા અનેક લેભાગુઓને પોલીસે જેલની હવા ખવડાવી છે જેણે મિડીયાના નામે ખંડણીઓ ખાઇ લીધી હતી. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં એક બોગસ પત્રકારે જીએસટી અધિકારીઓએ જપ્ત કરેલી ટ્રક છોડાવી આપવાના નામે વેપારીના વીસ લાખ પડાવી લીધા છે. વેપારીને છેતરાયાનો અહેસાસ થતાં નાણા પાછા માંગતા આ બોગસીયાએ તેને ધમકી આપી દીધી હતી!

વિગતો પર નજર કરીએ તો નિકોલમાં રહેતા એક વ્યક્તિ સાથે વડોદરાના એક બોગસ પત્રકારે છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. જીએસટી અધિકારીઓ દ્વારા પકડાયેલી જંતુનાશક દવાઓ ભરેલી ટ્રક છોડાવી આપવા માટે વડોદરાના એક પત્રકારનો સંપર્ક કર્યો હતો. જંતુનાશક દવાઓના માલસામાનની ટ્રક છોડાવવા સંપર્ક કરતા ઓળખાણ હોવાની પત્રકારે વિશ્વાસ જીત્યો હતો. ટ્રક છોડાવી આપવા માટે પત્રકારે અલગ-અલગ દંડના વીસ લાખ રૂપિયા પડાવ્યા હતા. જે બાદ ટ્રક છોડાવી ન આપતા વીસ લાખ રૂપિયા પરત આપવાની ફરિયાદીએ માંગણી કરી હતી પરંતુ, પૈસા પણ પરત ન આપતા ફરિયાદીએ બોગસ પત્રકાર મેહુલ પટેલ




સામે નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને તપાસ શરૂ કરવામાં આવી છે.

વધુ માહિતી જોઈએ તો કમલેશકુમાર પ્રજાપતિ નરોડા વિસ્તારમાં રહે છે અને વડોદરાની એક કંપનીની અસલાલી સ્થિત ઓફિસમાં સ્ટેટ ઇન્ચાર્જ તરીકે ફરજ બજાવે છે. કમલેશકુમારના ભાવનગરમાં રહેતા મિત્ર પૃથ્વીરાજસિંહ ગોહિલ જંતુનાશક દવાઓના વેપાર સાથે સંકળાયેલા છે. પૃથ્વીરાજસિંહે કમલેશકુમારને ફોન કર્યો હતો. વડોદરાની રાજપીપળા ચોકડી ખાતે જીએસટી અધિકારીઓએ જંતુનાશક દવાઓ ભરેલી ટ્રક અટકાવી છે અને ટ્રક છોડાવવા માટે કંઈક મદદ કરવા માટે કહ્યું હતું. જેથી મિત્રની મદદ કરવા કમલેશકુમારે વડોદરામાં રહેતા પોતાના ઓળખીતા પત્રકાર મેહુલ પટેલનો સંપર્ક કર્યો હતો. મેહુલે પોતે અધિકારીઓ સાથે સારી ઓળખાણ ધરાવતો હોવાનું કહી ટ્રક છોડાવી આપવાની ખાતરી આપી હતી.

ત્યારબાદ બીજા દિવસે મેહુલે વોટ્સએપ કોલ કરીને દંડ અને પેનલ્ટી સહિત કુલ વીસ લાખ રૂપિયા આપવા પડશે તેવું કહ્યું હતું. વડોદરાના પત્રકાર પર વિશ્વાસ રાખીને વિશ્વાસ મૂકીને વીસ લાખ આંગડિયા મારફતે મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ મેહુલ નિકોલ વિસ્તારમાં આવેલા વસાણી પાર્ટી પ્લોટ પાસે રૂપિયા લેવા માટે આવ્યો હતો. જ્યાંથી તેણે રોકડ રકમ લઈ લીધી હતી. સાથે જ ચાર દિવસમાં ટ્રક છોડાઈ જશે તેવી ખાતરી પણ આપી હતી. પરંતુ દિવસો વીતી જવા છતાં ટ્રક છોડવામાં આવી ન હતી. જ્યારે કમલેશકુમારે મેહુલનો સંપર્ક કર્યો ત્યારે તેણે રૂપિયા પરત ન આપવાની વાત કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી કમલેશકુમારે નિકોલ પોલીસ સ્ટેશનમાં બોગસ અને કહેવાતા પત્રકાર મેહુલ પટેલ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી હતી. આ લેભાગુ ઝડપાયા બાદ તેણે આ પ્રકારે કરેલા અન્ય તોડની વિગતો પણ બહાર આવવાની શક્યતા હોવાનું પોલીસ સુત્રોને જણાય છે.



## હનુમાન મઢી નજીક બે વાહનના અકસ્માતમાં ઘાયલ ત્રણ પૈકી એકનું મોત

### અમરજીતનગરના નેપાળી યુવાનને સારવારમાં દમ તોડ્યો

રાજકોટ, તા. ૨૪
જીવલેણ વાહન અકસ્માતનો વધુ એક બનાવ શહેરમાં બન્યો છે. જેમાં રૈયા રોડ પર હનુમાન મઢીથી જુના એરપોર્ટ તરફ જતાં રસ્તે છોટુનગર ઝુપડપટ્ટી પાસે ગુરૂવારે બે ટુવ્હીલર સામ સામે અથડાતાં અમરજીત નગરમાં રહેતાં નેપાળી યુવાન અને બજરંગવાડી, શિતલ પાર્કમાં રહેતાં બે ભાગીદાર મિત્રોને ઈજાઓ થતાં સિવિલ અને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. જે પૈકી નેપાળી યુવાનનું મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. જુના એરપોર્ટ રોડ પર અમરજીતનગરમાં રહેતો રેશમભાઇ નરબહાદુર થાપા નામના ચાલીસ વર્ષનો યુવાન ગુરૂવારે સાંજે નિર્મલા રોડ પર લોન્ડ્રીમાં પોતે નોકરી કરતો હોઇ ત્યાંથી એક્ટીવા હંકારી ઘરે જતો હતો.

આ વખતે તે જ્યાર છોટુનગર ઝૂપડપટ્ટી નીલ દા ધાબા વાળા રોડ પર મંદિર પાસે પહોંચતા સામેથી આવી રહેલા બાઇક સાથે અકસ્માત સર્જાતા રેશમભાઇ ફંગોળાઇ જતાં ગંભીર ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. તેનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. રેશમભાઇને સંતાનમાં ત્રણ દિકરા છે. તે પાંચ ભાઇ અને બે બહેનમાં વચેટ હતાં. સામેના બાઇક પર બેઠેલા શિતલ પાર્કના હર્ષ સુભાષભાઇ ગોરાણીયા અને બજરંગવાડી-૫ના વિરલ મહેશભાઇ પરમારને પણ ઇજાઓ થતાં બંને સારવાર હેઠળ છે. આ બંને ફાયર સેફ્ટીનો ભાગીદારીમાં ધંધો કરે છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી હતી.

### મકાનો, જગ્યાઓ ખાલી કરાવવા મોટે ભાગે પુરૂષો જ કરે કાવાદાવા પણ અહિ ઉલ્ટુ થયું

## મકાન તો વેચવુ જ પડશેઃ પાડોશી મહિલાની ધમકી!

### પુષ્કરધામ પાસે ભવાનીનગરમાં રહેતાં ઘરધણી મહિલા પાડોશણની ધમકીઓથી ત્રાહીમામઃ થાકીહારીને નોંધાવી યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ

રાજકોટ, તા. ૨૪
ધાકધમકી મારામારીના કિસ્સા તો રોજબરોજ બને છે. મકાન મામલે કે પછી બીજી મિલ્કતોને મામલે થતી માથાકુટની ઘટનાઓ પણ પોલીસ દફતરે નોંધાતી રહે છે. દરમિયાન શહેરના યુનિવર્સિટી રોડ પર આવેલા પુષ્કરધામ વિસ્તારમાં રહેતાં એક મહિલાને તેના જ પડોશમાં રહેતી મહિલાએ ધરાર મકાન વેંચાતુ આપી દેવાનું કહી ધમકી આપી મહિલાને તેનું પોતાનું મકાન વેચી દેવા માટે મજબુર કરી, ધાકધમકી આપવા મામલે પાડોશી મહિલા વિરૂધ્ધ પોલીસમાં લેખિત ફરિયાદ નોંધાઈ છે.

આ બારામાં યુનિવર્સિટી પોલીસે ભવાનીનગર-૨ રાજધાની બિલ્ડીંગ પાછળ ચામુંડા કૃપા ખાતે રહેતાં દક્ષાબેન નીતિનભાઈ જેઠવા નામના તેતાલીસ વર્ષના મહિલાની ફરિયાદ પરથી તેના પડોશી નયનાબા કરણસિંહ સોલંકી વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે. દક્ષાબેન પોતાના પતિ અને બે પુત્રો સાથે છેલ્લા સત્તર વર્ષથી આ મકાનમાં રહે છે. આ મકાન તેમણે વર્ષ ૨૦૦૮માં કાયદેસર દસ્તાવેજથી ખરીદ્યું હતું. ડિસેમ્બર ૨૦૨૪માં નયનાબા સોલંકીએ દક્ષાબેનના ઘરની બાજુમાં આવેલું ગોપાલભાઈનું મકાન ખરીદ્યું હતું. ત્યારબાદ નયનાબાએ



**એવુ પણ કહ્યું કે તારું મકાન અમારા દબાણમાં આવે છે એટલે વેંચી નાંખ, નહિ વેંચ તો અમારી મોટી પહોંચ છે, એમને એમ પડાવી લઇશું!**

દક્ષાબેનના ઘરે આવીને કહ્યું હતું કે-તમારું મકાન અમારા દબાણમાં આવે છે, એટલે આ મકાન અમને વેચાણથી આપી દો.

પરંતુ દક્ષાબેને અમારે અહિ જ રહેવું છે અને અમારે મકાન વેંચવું નથી તેમ કહેતાં નયનાબાએ ઉશ્કેરાઇ જઇ-તમે મકાન વેચી દો નહીંતર અમે આ મકાન પચાવી પાડીશું. અમારી મોટી ઓળખાણો છે, તમે અમારું કંઈ બગાડી શકશો નહીં. તેમ કહી ધમકી દીધી હતી. આ વિવાદને પગલે અગાઉ નયનાબાએ દક્ષાબેન વિરૂધ્ધ જમીન પચાવી પાડવા બાબતની ખોટી અરજી પોલીસમાં કરી હતી. પણ દક્ષાબેને પોતાના મકાનના અસલ દસ્તાવેજો રજૂ કરતા સત્ય સામે આવ્યું હતું અને બંને પક્ષો વચ્ચે ભવિષ્યમાં અરજીઓ ન કરવા બાબતે સમાધાન થયું હતું. તેમ છતાં, નયનાબાએ ફરીથી ઝઘડાની અરજીઓ કરી અને અવારનવાર દક્ષાબેનના પરિવારને માનસિક રીતે હેરાન કરવાનું ચાલુ રાખ્યું હતું. દક્ષાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ વર્ષોથી મહેનત કરી પોતાના પરિવાર સાથે આ મકાનમાં શાંતિથી રહે છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી નયનાબા દ્વારા આપવામાં આવતી ધમકીઓને કારણે તેમનો આખો પરિવાર ભયના ઓથાર હેઠળ જીવી રહ્યો છે.

વારંવાર પોલીસ સ્ટેશનના ધક્કા ખવડાવીને અને 'મોટી પહોંચ ધરાવતા વ્યક્તિ' હોવાનો રોફ જમાવીને નયનાબા મકાન ખાલી કરાવવા માટે દબાણ કરી રહ્યા છે. દક્ષાબેને સ્પષ્ટ કર્યું છે કે તેમની પાસે વર્ષ ૨૦૦૮ના ખરીદ વેચાણના પાકા દસ્તાવેજો હોવા છતાં માત્ર મકાન પડાવી લેવાના ઈરાદે તેમને ખોટી રીતે હેરાન કરવામાં આવી રહ્યા છે. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર એચ. અને. પટેલની રાહબરીમાં પીએસઆઇ બી. એસ. ચૌહાણે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આમ એક મહિલાએ જ બીજા મહિલાનું મકાન પચાવી પાડવાનીની પેરવી કરી કાવાદાવા કરી ધાકધમકીનો સહારો લેતાંચકચાર જાગી છે. મોટે ભાગે આવા કેસમાં પુરૂષો જ આરોપી તરીકે સામે આવતાં હોય છે. પણ અહિ મહિલાએ આવી ગુનાખોરી આચરી હતી.



## પુત્ર -પુત્રીના લગ્નનાં આગલા દિવસે જ ખેડૂત પિતાની જિંદગી ખતમ

### રાજકોટના સાતડા ગામની અત્યંત હૃદયદ્રાવક ઘટનાઃ લગ્નની ખુશી શોકમાં પલ્ટાઇ ગઇ

રાજકોટ, તા. ૨૪
મૃત્યુ ક્યારે અને કેવી રીતે આવી જાય તેની કાળા માથાના માનવીને જાણ હોતી નથી. માણસ વિચારીને કંઇક બીજુ બેઠો હોય છે અને તેની સાથે થતું પણ કંઇક જુદુ જ હોય છે. આવી જ એક કરૂણ ઘટના કુવાડવાના સાતળા ગામે બની છે. જેમાં દિકરા-દિકરીના લગ્ના આગલા દિવસે જ પિતાનું દિલ તેને દગો દઇ ગયું હતું. હૃદય રોગનો હુમલો તેમના માટે જીવલેણ નીવડતાં લગ્નની ખુશી શોકમાં પલ્ટાઇ ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો કુવાડવાના સાતડા ગામે રહેતાં દાનાભાઇ નાથાભાઇ મેઘાણી નામના પચાસ વર્ષના પ્રૌઢ રાતે ઘરમાં હતાં ત્યારે એકાએક છાતીમાં દુઃખાવો ચાલુ થતાં બેભાન થઇ ઢળી પડતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરતુ તેમનું મૃત્યુ થતાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ મારફત એરપોર્ટ પોલીસને જાણ કરવામાં આવતાં એએસઆઇ જી. કે. રાઠવા સહિતે હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર દાનાભાઇ ચાર ભાઈ અને ત્રણ બહેનમાં પાંચમા ક્રમે હતાં અને ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. તેમને સંતાનમાં ચાર પુત્રી અને એક પુત્રી છે. તેમના દિકરા-દિકરીના લગ્નના આગલા દિવસે જ તેમનું મૃત્યુ થયું છે. આજે એટલે કે શનીવારે દિકરીની જાન આવવાની હતી, અને રવિવારે દિકરાની જાન પરણવા જવાની હતી.

લગ્ન પ્રસંગની તમામ તૈયારીઓ થઇ ચુકી હતી અને પરિવારમાં દિકરા-દિકરીના લગ્નને લઇને અત્યંત ખુશીનો માહોલ હતો. એક તરફ સાંજીના ગીત ગવાઇ રહ્યા હતાં ત્યારે જ બીજી તરફ પિતાનું હૃદય ધબકારા ચુકી ગયુ હતું. કુદરતને જાણે આ પરિવારની ખુશી મંજુર ન હોય તેમ દિકરીની જાનને વળાવે અને દિકરાની જાન જોડીને જાય એ પહેલા જ ખેડુત પ્રૌઢનું હૃદય બેસી જવાથી મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

### પરદેશમાં સ્થાયી થવા ઇચ્છુક અનેકના સપનાઓ થઇજાય છે ચકનાચૂરઃ વધુ એક ફ્રોડ

# મહિલા એજન્ટને વિઝાના નામે બે ઠગ છેતરી ગયા

## સતાવન ક્લાઇન્ટના યુરોપ વિઝાના નામે ખાઇ ગયા એકત્રીસ લાખઃ બીજા કિસ્સામાં ગૂગલ પે બંધ થઇ ગયું છે, હું તમારા ઘરે કલરકામ કરી ગયો હતો કહી ગઠીયાએ પડાવી લીધા પંચ્યાસી હજાર

રાજકોટ, તા. ૨૪
લગભગ દરરોજ કોઇને કોઇ વ્યક્તિ વિદેશના વર્ક પરમીટ વિઝા મેળવવાના નામે ગઠીયાગીરીનો ભોગ બને છે. આ વખતે લેભાગુઓએ એક મહિલા એજન્ટને જ શિકાર બનાવી લીધા છે! વિદેશના વિઝા અપાવવાનું કામ કરતાં મહિલા સાથે યુરોપના વિઝાના નામે મુંબઇના બે ગઠીયા ઠગાઇ કરી ગયા છે. આ બંનેએ મળી મહિલા એજન્ટ પાસેથી ત્રીસ લાખ એંસી હજાર જેવી રકમ મેળવી લીધી હતી અને બાદમાં વિઝા ન અપાવી ઠગાઇ કરી લીધી હતી.

વિગતો પર નજર કરીએ તો સુરતના અલથાણમાં મહિલા એજન્ટને વિઝા અપાવવાના બહાને મુંબઇની મહિલા સહિત બે ઠગે ત્રીસ લાખ એંસી હજાર પડાવી લઇ છેતરપિંડી કરી હતી. મહિલાએ તેના સતાવન ગ્રાહકોનો વિઝા માટેનું કામ આ ઠગને સોંપ્યું હતું. અલથાણ રહેતા ભૂમિકા રાજેન્દ્ર દિલખુશ અલથાણ ન્યુ સિટી લાઈટ રોડ પર ઈમિગ્રેશન કન્સલટન્ટની ઓફિસ ધરાવે છે. તેમના પરિચિત મારફતે સોનાલી ખાનચંદા અને દીશાંત મનીઆર-ઇજમીના ઈમીટેશન જવેલરી માર્ટ, મલાડ વેસ્ટ મુંબઇ મહારાષ્ટ્ર સાથે સંપર્ક થયો હતો. આ બંનેએ તેઓ યુરોપમાં વર્ક પરમીટનું કામ કરતા હોવાનું જણાવ્યું હતું. બાદમાં ભુમિકા અને આ બે ઠગ વચ્ચે એમઓયુ કરવામાં આવ્યું હતું. ભુમિકાએ વિઝા માટે ઠગને પ્રથમ કુલ ચુમાલીસ ક્લાઇન્ટની ફાઇલો મોકલાવી હતી.

આ કામના રૂ.૧૦.૨૦ લાખ મોકલ્યા હતા. ઠગે પ્રોસિજરમાં ૩ મહિનાનું કહ્યું હતું. ત્યારબાદ ભુમિકાએ ઓસ્ટ્રેલિયાના વિઝા અને વર્ક પરમિટ માટે બીજી ૧૩ ફાઇલો મોકલી રૂ.૨૦.૬૦ લાખ આપ્યા હતા. જોકે પૈસા આપ્યાના ત્રણ મહિના થાય બાદ પણ વિઝા અને વર્ક પરમિટ નહીં આવતા ભુમિકાએ સોનાલી અને દીશાંતનો સંપર્ક કરતા તેણે વિઝા રિજેક્ટ




થયા હોવાનું કહ્યું હતું. ભુમિકાએ પૈસા પરત માંગતા બંનેએ બહાના બનાવી પૈસા આપવાનો ઇન્કાર કર્યો હતો. આખરે ભુમિકાએ અલથાણ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ આદરી છે. ભુમિકાએ પૈસા પરત માંગતા ક્લાયન્ટના લકઝમબર્ગના વિઝા અપાવવાનું કહ્યું હતું.

ઠગાઇના બીજા બનાવમાં ઓનલાઇન ઠગાઇ થઇ હતી. નડિયાદ તાલુકાના સોડપુર ગામના શખ્સને હું તમારા ઘરે ચાર વર્ષ પહેલા કલર કરવા આવ્યો હતો તેવી ઓળખ આપી તેમના મોબાઈલ ઉપર પૈસા ટ્રાન્સફર કર્યાના ખોટા મેસેજ નાખી અન્યના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરાવી પંચ્યાસી હજારની છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે ચકલાસી પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. નડિયાદ તાલુકાના સોડપુર ગામમાં પોલીસ ચોકી પાસે રહેતા ઘનશ્યામભાઈ ગુણવંતભાઈ પટેલના મોબાઈલ ઉપર એક શખ્સે હું તમારા ઘરે ચાર વર્ષ પહેલા કલર કરવા આવ્યો હતો. તેવી ઓળખ આપી હતી અને મારા દીકરાને દવાખાનામાં દાખલ કરેલો છે, પરંતુ મારું ગુગલ એકાઉન્ટ બંધ થઈ ગયું છે.

તેમ કહી ઘનશ્યામભાઈ પટેલના મોબાઈલ પર તેમના એકાઉન્ટમાં રૂ.૪૫,૫૦૦ તેમજ ૬૫,૫૦૦ ટ્રાન્સફર કર્યા હોવાનું જણાવ્યું હતું. જેથી તેઓએ મોબાઇલ ચેક કરતા પૈસા ટ્રાન્સફર કરવાના મેસેજ જોવા મળ્યા હતા. આમ પૈસા જમા કરાવ્યાના ખોટા મેસેજ કરી વિશ્વાસ કેળવી પોતે જણાવેલા જુદા જુદા એકાઉન્ટમાં રૂ. ૮૫ હજાર ઓનલાઇન ટ્રાન્સફર કરાવ્યા હતા. બાદમાં બેલેન્સ ન હોવાથી બાકીના પૈસા ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ બીજા દિવસે તેઓએ બેંકમાં જઈને તપાસ કરતા તેમના એકાઉન્ટમાં કોઈ પૈસા જમા થયા ન હતા જેથી તેઓએ મોબાઈલ ધારક પર ફોન કરતા તેણે વધુ પૈસા ટ્રાન્સફર કરવાનું જણાવતા તેઓએ પૈસા ટ્રાન્સફર કર્યા ન હતા. આમ ઘનશ્યામભાઈ પટેલના મોબાઈલ પર પૈસા ટ્રાન્સફર કરવાના ખોટા મેસેજ મોકલી ગઠિયાએ પોતાના ખાતામાં રૂ.૮૫ હજાર ઓનલાઇન ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે ઘનશ્યામભાઈ ગુણવંતભાઈ પટેલની ફરિયાદ આધારે ચકલાસી પોલીસે સાયબર ક્રાઇમનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# મહાનગરપાલિકાનુ બજેટ પ્રજાની અપેક્ષા પુરી કરશે?

- જુની યોજનાઓ પુરી કરી રોડ રસ્તા ગટર અને પાણીની સમસ્યા હલ કરવાની જરૂર
- અનેક વિસ્તારોમાં ડ્રેનેજની જુની લાઈનો બદલવાની જરૂર
- નિયમિત ૨૦ મિનિટ પાણી વિતરણનું સુપર વિઝન કરવું આવશ્યક
- આખાં શહેરનો કચરો વર્ગીકૃત કરીને નિકાલ જરૂરી
- મિલકત ધારકોને વર્ષની શરૂઆતમાં જ વેરા બિલની બજવણી થવી જોઈએ
- રોડ રસ્તાનાં રિપેરિંગ નિયમાનુસાર થવા જોઈએ
- નાના મકાનોના પ્લાન મંજૂરીથી માંડી કમ્પલિશન સુધીની પ્રક્રિયા ઝડપી બનશે?
- તમામ વોંકળાઓની માત્ર ચોમાસાને બદલે નિયમિત સફાઈ પણ જરૂરી

રાજકોટ, તા. ૨૪

રાજકોટ મહાનગરપાલિકાનું નાણાંકિય વર્ષ ૨૦૨૬-૨૭નુ અંદાજપત્ર તારીખ ૨૭ થી 30 જાન્યુઆરી દરમિયાન રજૂ થવાનું છે. કમિશનર તુષાર સુમેરા બજેટને ફાઇનલ ટચ આપવા માટે તમામ શાખાઓના અધિકારીઓ સાથે વન ટુ વન મેરેથોન મિટિંગ કરી રહ્યા છે. બીજી બાજુ મહાનગરપાલિકાની આર્થિક નબળી સ્થિતિને કારણે બજેટમાં કમિશનર કોઈ નવી અને મહત્વપૂર્ણ યોજના જાહેર કરવાને બદલે મહાનગરપાલિકાનાની ચૂંટણીનું વર્ષ ધ્યાને રાખીને પદાધિકારીઓને નવી યોજના જાહેર કરવાની તક આપે તેવી શક્યતા છે. અલબત્ત આ વર્ષે કમિશનર દ્વારા મહાનગર પાલિકાની આર્થિક સ્થિતિ સધ્ધર કરવા પ્રજા પર ૧૫૦ થી ૨૦૦ કરોડનો કરબોજ ઝીંકવા આવે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી. તો સામે શાસક પક્ષ પણ ખુરશી છોડતા પહેલાં અને ચૂંટણી વર્ષનો લાભ લેવા કરબોજ ફગાવી દેશે એ પણ નિશ્ચિત છે. પરંતુ શું આ વર્ષે કમિશનર તુષાર સુમેરા પ્રજાની અપેક્ષા પુરી થાય એવું બજેટ આપી શકશે?

મહાનગરપાલિકાના વર્ષ ૨૫-૨૬ ના અંદાજપત્રની અનેક યોજનાઓ હજુ સુધી શરૂ થઈ નથી કે સંપૂર્ણ પણે પુરી થઈ નથી. ત્યારે શહેરીજનોને સતાવતી રોડ રસ્તા ગટર અને પાણીની રોજીંદી સમસ્યાઓ હલ કરવા માટે બજેટમાં ભાર મૂકવામાં આવે તેવું શહેરીજનો ઈચ્છી રહ્યા છે.




રાજકોટમાં દર ચોમાસામાં ડામર રોડ બિસ્કીટની જેમ ભાંગીને ભુક્કો થઈ જાય છે. અને શાસકો તેમજ પદાધિકારીઓને લોક રોષનું અવારનવાર ભોગ બનવું પડે છે. ત્યારે જો મહાનગરપાલિકા પાસે જ્ઞાની ઈજનેરો ન હોય તો ટેકનિકલ નિષ્ણાંતોની મદદ મેળવી નિયમાનુસાર રોડ બનાવી પ્રજાને પડતી મુશ્કેલી દૂર કરવી જોઈએ. રોડ રસ્તાનાં કામમાં ઈજનેરો સ્થળ મુલાકાત લેતા નથી એટલે કોન્ટ્રાક્ટરો મજૂરો પર આધાર રાખીને રોડ રસ્તા બનાવે છે. સામાન્ય રીતે રોડની બન્ને બાજુ ઢાળ આપવાનો હોય છે જેથી પાણીનો નિકાલ આસાનીથી થઈ જાય. પણ સુપરવિઝનના અભાવે તમામ રોડ રકાબી જેવા બને છે જેને કારણે વરસાદી પાણી રોડ રસ્તા પર ભરાઇ રહે છે અને રોડ રસ્તા તૂટી જાય છે. ત્યારે આગામી વર્ષોમાં ચોમાસા દરમિયાન રોડ રસ્તા તુટે નહીં એવી શહેરીજનોની અપેક્ષા કમિશનર સંતોષી શકશે ?

આવી જ હાલત ડ્રેનેજ લાઈનની છે. શહેરના ત્રણેય ઝોનમાં અને ખાસ કરીને સેન્ટ્રલ ઝોનમાં ડ્રેનેજ લાઈન ચોકઅપ થયાની ફરિયાદો અવારનવાર આવે છે ત્યારે જે વિસ્તારોમાંથી વધુ ફરિયાદો આવતી હોય ત્યાં નવી લાઈન નાંખવાની યોજના બજેટમાં સમાવેશ કરવામાં આવે તો અનેક વિસ્તારોની મુશ્કેલી હળવી થાય તેમ છે.

શહેરીજનોની મુખ્ય જરૂરીયાત એવાં પાણીનુ રોજ ૨૦ મિનિટ વિતરણ કરવા આવતું હોવાનો દાવો તંત્ર કરે છે. આમ છતાં અનેક વિસ્તારોમાં અપુરતુ અને ધીમા દબાણે પાણી મળતું હોવાની ફરીયાદો મળે છે. ત્યારે નિયમિત રીતે ૨૦ મિનિટ પુરતાં દબાણથી પાણી વિતરણ થાય એ માટે સુપરવિઝન કરવામાં આવે

મહાનગરપાલિકામાં દરરોજ બાંધકામના અનેક પ્લાન મંજૂરી માટે આવે છે. પ્લાન મંજૂરીથી માંડી કમ્પલિશન સર્ટિફિકેટ સુધીની પ્રક્રિયામાં લાંબો સમય પસાર થઈ જાય છે. આમાં ૮૦ થી ૧૦૦ વારનાં નાના બાંધકામોને પણ હેરાનગતિ ભોગવવી પડે છે. ત્યારે આવાં નાનાં બાંધકામોના પ્લાન અને કમ્પલિશન સર્ટિફિકેટ મંજૂરીની પ્રક્રિયા સરળ બનાવવા ની જરૂર છે.

શહેરના તમામ માર્ગો પર રેંકડી કેબિનો અને પાથરણાં વાળાએ કબજો જમાવ્યો છે. પરિણામે વેપારીઓ સાથે ઘર્ષણ અને ટ્રાફિક સમસ્યાનો રોજેરોજ સામનો કરવો પડે છે .મહાનગરપાલિકા હસ્તકના ટીપી પ્લોટમાં દબાણો ન થાય તે માટે અત્યારે કોઈ આયોજન નથી. ત્યારે કોમર્શિયલ અને સાર્વજનિક હેતુ માટેનાં પ્લોટમાં હોકર્સ ઝોન બનાવી રેંકડી કેબિન અને પાથરણાં વાળાઓનો તેમાં સમાવેશ કરવામાં આવે તો જાહેર માર્ગો પર દબાણો દૂર થાય તેમ છે.

આ સિવાય પણ જાહેર શૌચાલયોની નિયમિત સફાઈ, સિટી બસ અને બીઆરટીએસ બસ રૂટનું વિસ્તરણ, શહેરમાંથી નીકળતા કચરાનું યોગ્ય વર્ગીકરણ, તમામ નાનાં મોટાં વોંકળાઓની નિયમિત સફાઈ અને વોંકળામાં થતાં ગેરકાયદેસર દબાણો દૂર કરવા, ટ્રાફિક સિગ્નલો નું યોગ્ય સંચાલન જેવી અનેક નાની મોટી સમસ્યાઓમાંથી છુટકારો મળે અને આગામી અંદાજપત્રમાં પ્રજા ઉપયોગી યોજનાઓ જાહેર કરી કમિશનર તુષાર સુમેરા તેનો અમલ કરાવે તેવું શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

---

### રોંગ સાઈડમાં આવતી બસે સર્જ્યો ગમખ્વાર અકસ્માત
### બનાસકાંઠાના ઈકબાલગઢ ગામની દુર્ઘટના

# ટ્રકે કારને ઠોકર મારતા સાત કાળનો કોળીયો

અમીરગઢ, તા.૨૪

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢના ઈકબાલગઢ નેશનલ હાઈવે પર ભયંકર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે અને રોંગ સાઈડમાં આવતી એક ટ્રકે કારને જોરદાર ટક્કર મારતા કારમાં સવાર ૬ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા છે. જ્યારે અન્ય ૩ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી અનુસાર, અમીરગઢના ઈકબાલગઢ હાઈવે પરથી પસાર થઈ રહેલી કારને સામેથી રોંગ સાઈડ ધસમસતી આવતી ટ્રકે અડફેટે લીધી હતી. આ



અકસ્માત એટલો ભયંકર હતો કે, કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. કારમાં સવાર પાંચ લોકોએ સ્થળ પર જ દમ તોડી દીધો હતો. જોરદાર અવાજ સાંભળી આસપાસના લોકો અને વાહનચાલકો દોડી આવ્યા હતા અને પોલીસ તેમજ ૧૦૮ને જાણ કરી હતી.૩ ઈજાગ્રસ્તોની હાલત નાજુક આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા અન્ય ૩ વ્યક્તિઓને તાત્કાલિક અસરથી નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતા જ અમીરગઢ પોલીસનો કાફલો હાઈવે પર પહોંચી ગયો હતો.

---

# નવનીત બાલધિયા કેસમાં જયરાજ આહીરની ધરપકડ

## સીટની તપાસમાં જયરાજ વિરુદ્ધ સબળ પુરાવા મળતા દબોચાયો

રાજકોટ, તા. ૨૪

બગદાણાના કોળી યુવક નવનીત બાલધિયા પર થયેલા જીવલેણ હુમલાના કેસમાં આખરે જયરાજ આહીરની ધરપકડ થઇ છે. કેસની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા આજે લાંબી પૂછપરછ બાદ જયરાજ આહીરની સત્તાવાર ધરપકડ કરવામાં આવી હતી.

આજે બપોરે જયરાજ આહીરને ફરી એકવાર રેન્જ આઈજી કચેરી ખાતે નિવેદન નોંધાવવા તેડું મોકલવામાં આવ્યું હતું. એસઆઈટી દ્વારા સતત બે કલાક સુધી કરવામાં આવેલી કડક પૂછપરછ અને ટેકનિકલ પુરાવાઓના આધારે તેની સંડોવણી સ્પષ્ટ જણાતા આ કાર્યવાહી કરવામાં આવી છે. ધરપકડને પગલે આઈજી કચેરી ખાતે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

બનાવ અંગે વધુ મળતી વિગતો





મુજબ શીટની તપાસમાં જયરાજ વિરુદ્ધ અનેક મહત્વના પુરાવાઓ હાથ લાગ્યા હોવાનું કહેવાય છે. છે. ખાસ કરીને ડિજિટલ પુરાવામાં આરોપીઓના એકબીજા સાથેના મોબાઈલ સંપર્કો અને ઘટના સમયના લોકેશનની વિગતો, નવનીત બાલધિયાએ શીટને જેટલા પુરાવા સોંપ્યા હતા અને આક્ષેપ કર્યો હતો કે હુમલાખોરો હુમલા સમયે કોની સાથે વીડિયો કોલ પર વાત કરી રહ્યા હતા તેની તપાસ થવી જોઈએ. ઉપરાંત નિવેદનોમાં વિરોધાભાસ જોવા મળ્યો હતો. પોલીસે કહ્યું કે અગાઉની સાડા ત્રણ કલાકની પૂછપરછ અને આજના નિવેદનોની કડીઓ જોડતા જયરાજ આહીર મુખ્ય સૂત્રધાર હોવાના પૂરતા પુરાવા મળ્યા છે.

અત્રે એ નોંધનીય છે કે, વિવાદની શરૂઆત બગદાણા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીના નામ અંગે થઈ હતી. શરૂઆતમાં વીડિયો વિવાદ થયો હતો કે, મુંબઈના એક કાર્યક્રમમાં માયાભાઈ આહીરે ટ્રસ્ટી તરીકે એક નામનો ઉલ્લેખ કર્યો હતો, જે બાબતે નવનીતે સ્પષ્ટતા કરતા માયાભાઈએ માફી માંગતો વીડિયો મોકલ્યો હતો. જો કે નવનીતનો દાવો છે કે પિતાએ માફી માંગવી પડી તે બાબત જયરાજને ગમી ન હતી, જેના કારણે બદલો લેવા માટે ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ની રાત્રે ૮ શખ્સો દ્વારા નવનીત પર હુમલો કરાવવામાં આવ્યો હતો.

નવનીત બાલધિયાએ કહ્યું હતું કે, જો તેમને ન્યાય નહીં મળે તો આગામી સમયમાં સમાજનું સંમેલન બોલાવવામાં આવશે. આ મામલો એટલો ચગ્યો હતો કે કોળી સમાજના નેતાઓ-મુખ્યમંત્રી સુધી પહોંચી ગયા હતા અને ત્યાર બાદ આ કેસની તપાસ શીટને સોપવામાં આવી હતી.

ચકચારી કેસમાં અત્યારસુધીમાં નાજુ કામળિયા, રાજુ ભમ્મર, આતુ ભમ્મર, વિરેન્દ્ર પરમાર, સતીશ વનાળિયા, ભાવેશ સેલાળા, વીરુ સઈડા, પંકજ મેરની ધરપકડ કરવામાં આવી છે. ત્યાર બાદ આ બનાવમાં શીટ ટીમની રચના કરવામાં આવી હતી. સીટની ટીમની તપાસમાં પ્રથમ કાનભાઈ કામલિયા, સંજય ચાવડા અને દિનેશ ઉર્ફે દાદુ લોમાભાઈ સોલંકીની ધરપકડ કરી લેવામાં આવી છે. ચકચારી કેસમાં જયરાજ આહીરની ધરપકડ બાદ હવે આ હુમલામાં અન્ય કયા મોટા માથાઓની સંડોવણી ખૂલશે ? તેના પર સૌની મીટ મંડાઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

---

# કાકલુદી : મનપાએ વેરો વસુલવા બેનર લગાવ્યા!

## એક તરફ તળિયા ઝાટક તિજોરી ભરવા માટે પ્લોટની હરરાજી પણ નિષ્ફળ રહી ત્યારે બીજી બાજુ ટેક્સ વિભાગના પણ ટાર્ગેટ પૂરો કરવા હવાતિયાં

રાજકોટ, તા. ૨૪

રાજકોટ મહાનગર પાલિકાની આર્થિક સ્થિતિ લાંબા સમયથી કથળી છે. એક તરફ તળિયા ઝાટક તિજોરી ભરવા માટે પ્લોટની હરાજી કરવાની યોજના સફળ થઇ નથી બીજી મનપાનો વહિવટ ચલાવવા રૂ.૨૦૦ કરોડની લોન લેવી પડે એવી સ્થિતિ સર્જાઈ છે ત્યારે, મહાનગરપાલિકાના ટેક્સ વિભાગે પણ નાણાંકિય વર્ષનાં છેલ્લા બે મહિનામાં સવાસો કરોડ રૂપિયાનો બાકી વેરો વસૂલવા માટે હવાતિયાં મારવાં નું શરૂ કર્યું છે. અને મિલકતવેરો ભરવા શહેરીજનોને અપીલ કરતાં બેનરો જાહેર માર્ગો પર લગાવવા પડ્યા છે. જેમાં નળ ડ્રેનેજ કનેક્શન તેમજ મિલકત જપ્તી તેમજ સિલિંગથી બચવા બાકી વેરો ભરપાઈ કરવા માટે શહેરીજનોને અપીલ કરવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં મિલકતવેરાનો રૂ. ૪૫૪ કરોડના લક્ષ્યાંક સામે હજી સુધી રૂપિયા ૩૩૪ની આવક થઇ છે અને ૧૨૦ કરોડથી વધુ રકમનો વેરાની વસુલાત બાકી છે. નાણાંકિય વર્ષ પુરું થવા આડે હવે બે મહિનાનો સમય રહ્યો છે પણ સ્ટાફના અભાવે વેરા વસુલાત શાખા હજી






સુધી નિયમિતરીતે સિલિંગ ઝુંબેશ શરૂ કરી શકી નથી. બીજી બાજું શહેરના અનેક વિસ્તારોમાં મહાનગરપાલિકાને બાકી મિલકતવેરો ભરપાઈ કરવાની અપીલ કરતાં બેનરો લગાવવા મજબુર બનવું પડયું છે. મહાનગરપાલિકાની આર્થિક કરોડ રજ્જુ જેવી વેરા વસુલાત શાખા દ્વારા વેરા વસુલાતની સઘન ઝુંબેશ શરૂ કરવામાં નબળી પુરવાર થઇ રહી છે. આ માટે વેરા વસુલાત શાખા પાસે પુરતો સ્ટાફ ન હોવાના કારણે સઘન ઝુંબેશ કરી શકાતી નથી તેવું સુત્રો કહે છે.

માત્ર રહેંણાંક અને કોમર્શિયલ મિલકતો પર જ ઘોંસ બોલવતી વેરા વસુલાત શાખા સરકારી કચેરીઓ અને મોબાઈલ કંપનીઓના ટાવરના વેરા બીલ ઉઘરાવવા કડકાઈથી કામ કરી શકતી નથી. શહેરની મુખ્ય ૨૦ જેટલી કેન્દ્ર અને રાજ્ય સરકારની કચેરીઓ, અર્ધ સરકારી કચેરીઓ પાસેથી લગભગ રૂ.૧૧૬૪ કરોડ ઉપરાંતનો વેરો વસુલવાનો બાકી છે. આમાં સૌરાષ્ટ્ર યુનિ. ના અંદાજે ૧૯ કરોડ, કલેક્ટર તંત્રના અંદાજે૧૨.૯૭ કરોડ, સમરસ હોટલના રૂ. ૧૫ કરોડ, અને સિટી પોલીસનો રૂ.૧૨ કરોડ જેવો વેરો બાકી છે. જ્યારે શહેરમાં અલગ અલગ સ્થળોએ આવેલા ૫૫૦ થી વધુ મોબાઈલ ટાવરનનો અંદાજે રૂ. ૫૦ કરોડથી વધુ રકમનો વેરો લાંબા સમયથી ભરપાઈ કરવામાં આવતો નથી. શહેરના અલગ અલગ વિસ્તારોમાં ૩૭ હજારથી વધુ નળ કનેક્શન સરનામા વગરના હોય જેનો અંદાજે રૂ. ૨૬૭ કરોડનો વેરો પણ માંડવાળ કરવો પડે તેવી સ્થિતિ છે.

ત્યારે મહાનગર પાલિકાની તિજોરીનું તળિયું દેખાતા વેરા વસુલાત શાખા શહેરના મુખ્ય સર્કલોમાં બેનરો લગાવવા મજબુર બની છે.

ઉલ્લેખનીય છે કે મહાનગર પાલિકાએ પોતાની વેબ સાઈટ પર રૂ. પાંચ હજારથી વધુ રકમનો વેરો બાકી છે તેવા ડિફોલ્ટરોની યાદી મુકીને મેગા સિલિંગ અને રીકવરી ઝુંબેશ શરૂ કરતાં તેની સામે વિરોધ ઉઠ્યો હતો. પરિણામે મેગા ઝુંબેશનું બાળ મરણ થઈ ગયું છે . એટલું જ નહીં પણ વેબસાઈટ પરથી ટેક્સ ડિફોલ્ટરોના નામની યાદી પણ હટાવી દેવી પડી છે. મહાનગરપાલિકાએ આજે અલગ અલગ વિસ્તારોમાં લગાવેલા બેનરમાં નળ ડ્રેનેજ કનેકશન કપાત, મિલકત સિલિંગ, જપ્તી, હરાજી સુધીના આકરાં પગલાંથી બચો સત્વરે મિલકતવેરો ભરો તેવી અપીલ શહેરીજનોને કરવામાં આવી છે. ત્યારે ટેક્સ વિભાગની આ યુક્તિ કેટલી સફળ રહે છે તે આવનારો સમય જ કહેશે.